જનસેવા દ્વારા રાષ્ટ્રસેવાનાં 25 વર્ષ



વિશેષ લેખ પાનું 26-47

વર્ષ: 7 અંક: 07

1-15 ઓક્ટોબર, 2026 (નિ:શુલ્ક)

# ન્યૂ ઈન્ડિયા સમાચાર

## ભારતનું વિઝન બન્યું

## વૈશ્વિક મિશન

ભારતે 'માનવતા પ્રથમ, જન-કેન્દ્રિત વિકાસ'ની ભાવના સાથે વિશ્વ બંધુત્વનો નવો અધ્યાય રચવાની સાથે 18મા બ્રિક્સ શિખર સંમેલન (2026)માં આપ્યો સંદેશ - સર્વાંગી વિકાસ એ છે જે દરેક વ્યક્તિ સુધી પહોંચે છે...

અમને @NISPIBIndia પર ફોલો કરો



**ભારતીય વાયુસેના દિવસ** | **94મી વર્ષગાંઠ (8 ઓક્ટોબર 2026)**

# 'શૌર્ય અને બહાદુરીનું પ્રતીક'

# ભારતીય વાયુસેના

**ભારતીય વાયુસેના પ્રત્યેક નાગરિક માટે ગૌરવનું પ્રતીક છે. રાષ્ટ્રનું રક્ષણ કરવાનું હોય કે કોઈ આપત્તિ દરમિયાન લોકોના જીવ બચાવવાના હોય, આપણા બહાદુર સૈનિકો હંમેશા સાહસ અને નિષ્ઠા સાથે અગ્રેસર રહે છે. એટલું જ નહિ, દરેક પડકારનો સામનો કરવાની પોતાની શક્તિ અને તૈયારી સાથે, આ દળે રાષ્ટ્રને સતત ગૌરવાન્વિત કર્યું છે. ઉત્કૃષ્ટ સેવા અને બલિદાન દ્વારા હવાઈ ક્ષેત્રની સલામતી સુનિશ્ચિત કરનાર ભારતીય વાયુસેનાની બહાદુરી, પ્રતિબદ્ધતા અને સમર્પણ પર પ્રત્યેક દેશવાસીને છે ગર્વ...**





> ભારતીય વાયુસેના બહાદુરી, શિસ્ત અને ચોકસાઈનું પ્રતિનિધિત્વ કરે છે. તેમણે સૌથી પડકારજનક પરિસ્થિતિઓમાં પણ આપણા આકાશને સુરક્ષિત રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. કુદરતી આફતો દરમિયાન પણ તેમની ભૂમિકા ખૂબ જ પ્રશંસનીય રહી છે. તેમની પ્રતિબદ્ધતા, વ્યાવસાયિક કુશળતા અને અદમ્ય હિંમત દરેક ભારતીયને ગર્વ કરાવે છે.
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**



न्यू ईन्डिया
# સમાચાર

વર્ષ: 7, અંક: 07 | 16-30 સપ્ટેમ્બર, 2026

મુખ્ય સંપાદક
ધીરેન્દ્ર ઓઝા
મુખ્ય મહાનિદેશક
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
સંતોષ કુમાર

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
પવન કુમાર

સહાયક સલાહકાર સંપાદક
અખિલેશ કુમાર
ચંદનકુમાર ચૌધરી

ભાષા સંપાદન
સુમિત કુમાર (અંગ્રેજી)
રજનીશ મિશ્રા (અંગ્રેજી)
નદીમ અહેમદ (ઉર્દૂ)

સિનિયર ડિઝાઈનર
ફુલચંદ તિવારી

ડિઝાઈનર
સત્યમ સિંહ
અનિલ કુમાર




**13 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચવા માટે ક્લિક કરો.**

https://newindiasamachar.pib.gov.in/news.aspx

**ન્યૂ ઈન્ડિયા સમાચારના જૂના અંક વાંચવા માટે ક્લિક કરો**

https://newindiasamachar.pib.gov.in/archive.aspx

'ન્યૂ ઈન્ડિયા સમાચાર' અંગે સતત અપડેટ મેળવવા માટે ફોલો કરો: @NISPIBIndia

## અંદરના પાનાં પર ...


### ભારતના નેતૃત્વમાં માનવતાનું ઉદાહરણ બન્યું બ્રિક્સ 2026




**કવર સ્ટોરી**

ભારત પહેલા દિવસથી જ બ્રિક્સની યાત્રાનો ભાગ રહ્યું છે, અને આજે પૃથ્વી પરની દર બીજી વ્યક્તિ કોઈને કોઈ બ્રિક્સ દેશમાં રહે છે. નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે આયોજિત 18મા બ્રિક્સ સંમેલનમાં બ્રિક્સની યાત્રાની 20 વર્ષની ઉજવણી કરવામાં આવી. ભારતે 2026માં ચોથી વખત અધ્યક્ષપદ સંભાળ્યું અને 'નવી દિલ્હી ઘોષણાપત્ર' સાથે બ્રિક્સને આપી એક નવી, વધુ અસરકારક માનવતાવાદી દિશા... | 6-25

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી: સુશાસનના 25 વર્ષ**

### નિર્ણયો, પડકારો વચ્ચે પરિવર્તનની યાત્રા



પહેલા ગુજરાતના મુખ્યમંત્રી અને હવે 12 વર્ષ સુધી પ્રધાનમંત્રી તરીકે સુશાસનના તેમના મોડેલ સાથે, તેઓ રાષ્ટ્રને આપી રહ્યા છે એક નવી દિશા... તેમણે 7 ઓક્ટોબર, 2001 ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા, અને ત્યારથી, તેમની સતત સેવા અને સમર્પણની સફર 25 વર્ષ પૂર્ણ કરી ચૂકી છે. અહીં છે એક ખાસ અહેવાલ... | 26-47

યૂપીઆઈ... એક સભ્યતાની વાર્તા
પીએમ મોદીએ મુંબઈમાં 'ગ્લોબલ ફિનટેક ફેસ્ટ 2026'નું કર્યું ઉદ્ઘાટન. | 48-49

'ફ્રેટ કોરિડોર' વિકાસશીલ ભારતની જીવાદોરી
પીએમ મોદીએ ગુજરાતને આપી 35,000 કરોડ રૂપિયાની ભેટ | 50-51

વાસ્તવિક શક્તિ... જ્ઞાનથી જાગૃતિ અને જાગૃતિથી પરિવર્તન
રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર વિજેતાઓને પીએમ મોદીએ આપ્યો મંત્ર | 52-53

રેલ કનેક્ટિવિટીનો વિસ્તાર, ઈપીએફઓની પગાર મર્યાદા હવે 25 હજાર
કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં લેવામાં આવ્યા અનેક મહત્વપૂર્ણ નિર્ણયો | 54-55

અવકાશ સંશોધનનો મંત્ર મુકાબલો નહીં... સહકાર
આંતરરાષ્ટ્રીય અવકાશ શિખર સંમેલનમાં પ્રધાનમંત્રી મોદીનું સંબોધન | 56

'નશામુક્ત ભારત'નો સંકલ્પ, 2029 સુધીમાં થશે સાકાર
ગૃહમંત્રી અમિત શાહે કહ્યું - 2029 સુધીમાં 'નશામુક્ત ભારત' બનશે દેશ | 57

ભારતની પ્રાચીન પ્રતિભા, ફ્રાન્સની આધુનિક ઈજનેરીનો સંગમ
પ્રધાનમંત્રી મોદીએ પેરિસમાં સ્વામિનારાયણ મંદિરનું કર્યું ઉદ્ઘાટન | 58-59

વ્યક્તિત્વ: તિરુપ્પુર કુમારન
જેમણે નીચે પડવા ના દીધો રાષ્ટ્રધ્વજ | 60

**એસઆરસીસી શતાબ્દી સમારોહ**

140 કરોડ ભારતીયો સાથે મળીને...
### ભારતને બનાવશે વિકસિત અને આત્મનિર્ભર



દિલ્હી યુનિવર્સિટીના શ્રીરામ કોલેજ ઓફ કોમર્સના 100 વર્ષ પૂર્ણ થતાં આયોજિત શતાબ્દી સમારોહમાં બોલતા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે 140 કરોડ દેશવાસીઓ સાથે મળીને ભારતને બનાવશે વિકસિત અને આત્મનિર્ભર... | 4-5



પ્રકાશક અને મુદ્રક: કંચન પ્રસાદ, મહાનિદેશક સીબીસી (કેન્દ્રીય સંચાર બ્યૂરો) પત્ર વ્યવહાર અને ઈમેલ માટેનું સરનામું: રૂમ નંબર - 1077, સૂચના ભવન, સીજીઓ કૉમ્પ્લેક્સ, નવી દિલ્હી-110003, ઈમેલ- response-nis@pib.gov.in આર.એન.આઈ. નંબર DELHIN/2020/78812

# સંપાદકની કલમે ...

# ભારતના નેતૃત્વમાં બ્રિક્સનો નવો અધ્યાય

સાદર નમસ્કાર

બ્રિક્સની 20મી વર્ષગાંઠે ભારત દ્વારા ચોથીવાર આ સમૂહની અધ્યક્ષતા એક ઐતિહાસિક પ્રસંગ બની ગયો. બ્રિક્સ, મુખ્ય વિકાસશીલ અર્થતંત્રો વચ્ચે આર્થિક નીતિઓનું સંકલન કરવા માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ તરીકે ઉભરી આવ્યું છે. વિશ્વના અગિયાર વિકાસશીલ અર્થતંત્રો અહીં વૈશ્વિક શાસનના મુદ્દાઓ પર એક સામાન્ય દ્રષ્ટિકોણ બનાવે છે. તે ગ્લોબલ સાઉથના હિતોને આગળ વધારવા માટે પણ એક અસરકારક માધ્યમ બની ગયું છે.

'સ્થિતિસ્થાપકતા, નવીનતા, સહયોગ અને ટકાઉ વિકાસ માટે નિર્માણ' થીમ પર આ પરિષદમાં ભારતે વૈશ્વિક મંચ પર વિકાસશીલ દેશોની પ્રાથમિકતાઓને અગ્રેસર કરી. જટિલ ભૂ-રાજકીય પરિસ્થિતિઓ હોવા છતાં, ભારત સંતુલિત, સમાવેશી, વિકાસલક્ષી અને જન-કેન્દ્રિત અભિગમ જાળવી રાખીને મુખ્ય મુદ્દાઓ પર સભ્યો વચ્ચે સર્વસંમતિ કેળવવામાં સફળ રહ્યું.

ભારતે આ પ્લેટફોર્મને સરકારોની મર્યાદાઓથી આગળ વધારીને સામાન્ય નાગરિકો, ખેડૂતો, ઉદ્યોગસાહસિકો, મહિલાઓ અને યુવાનો સુધી પહોંચાડ્યું છે. દેશભરના 30થી વધુ શહેરોમાં યોજાયેલી 400થી વધુ બેઠકો 'જન-કેન્દ્રિત' અને 'માનવતા પ્રથમ' અભિગમને માત્ર એક સૂત્ર નહીં, પરંતુ કાર્યપદ્ધતિ બનાવવાની ભારતની પ્રતિબદ્ધતાનો પુરાવો છે.

12-13 સપ્ટેમ્બર 2026ના રોજ નવી દિલ્હીમાં યોજાયેલું 18મું બ્રિક્સ શિખર સંમેલન આ યાત્રાની પરાકાષ્ઠા હતું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વૈશ્વિક શાસન સુધારા પર ભાર મૂકતાં, તેમાં 'વિશેષાધિકારના પિરામિડ'ને 'ભાગીદારીના પ્લેટફોર્મ'માં રૂપાંતરિત કરવાની હાકલ કરી. સર્વાનુમતે અપનાવવામાં આવેલા નવી દિલ્હી ઘોષણાપત્રમાં આતંકવાદ સામે ઝીરો ટોલરન્સ, યૂએનએસસી સુધારા અને ગ્લોબલ સાઉથના અવાજને મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતાઓનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો.

ભારતની આ અધ્યક્ષતા ફક્ત રાજદ્વારી જવાબદારી નથી, પરંતુ વૈશ્વિક બહુધ્રુવીયતાની દિશામાં એક નક્કર પગલું છે, અને આ જ આ વખતના અંકની કવર સ્ટોરી બની છે. વધુમાં, એ એક સુખદ સંયોગ છે કે જ્યારે ભારતે બ્રિક્સની અધ્યક્ષતા કરીને વિશ્વને માનવતાનો સંદેશ આપ્યો છે, ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના કાર્યકાળના 25 વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ 25 વર્ષની યાત્રા પણ આ અંકમાં એક વિશેષ અહેવાલ બની છે.

આ ઉપરાંત, રાષ્ટ્રધ્વજને નીચે પડવા ન દેનારા તિરુપુર કુમારન, કેન્દ્રીય મંત્રીમંડળના નિર્ણયો, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પખવાડિયાના કાર્યક્રમોનો આ અંકમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

સાથે જ, આ મેગેઝિનના અંદરના પાના પર 8 ઓક્ટોબરના રોજ ઉજવાતા વાયુસેના દિવસ પર વિશેષ સામગ્રી અને પાછળના કવર પર ડૉ. એપીજે અબ્દુલ કલામને તેમની જન્મજયંતિ, 15 ઓક્ટોબરના રોજ કૃતજ્ઞ રાષ્ટ્રની શ્રદ્ધાંજલિ પણ પ્રકાશિત કરવામાં આવી છે.

અમને તમારા સૂચનો મોકલતા રહો.

ધીરેન્દ્ર

(ધીરેન્દ્ર ઓઝા)

**હિન્દી, અંગ્રેજી અને અન્ય 11 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યુ ઈન્ડિયા સમાચાર વાંચો/ડાઉનલોડ કરો.**

**https://newindiasamachar.pib.gov.in/news.aspx**

# આપની વાત...




## વિદ્યાર્થીઓ માટે મહત્વપૂર્ણ છે મેગેઝિન

મને ન્યૂ ઈન્ડિયા સમાચાર પત્રિકા ઈમેઈલ દ્વારા નિયમિતપણે મળે છે. આ મેગેઝિન સરકારી પહેલો, યોજનાઓ અને વર્તમાન બાબતો વિશે માહિતીનો મૂલ્યવાન સ્ત્રોત છે. તે વિદ્યાર્થીઓ, સંશોધકો અને સામાન્ય લોકો માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

nikhil4249@gmail.com

## વિકાસ અને પરિવર્તનકારી કાર્ય વિશેની મળે છે માહિતી

હું ન્યૂ ઈન્ડિયા સમાચારની સમગ્ર સંપાદકીય ટીમની હૃદયપૂર્વક પ્રશંસા કરું છું. તે ખૂબ જ માહિતીપ્રદ અને ઉપયોગી પ્રકાશન છે. એક નિયમિત વાચક તરીકે, મને આ મેગેઝિન ભારતભરમાં થઈ રહેલા મહત્વપૂર્ણ વિકાસ અને પરિવર્તનકારી કાર્ય વિશે માહિતીનો મૂલ્યવાન સ્ત્રોત લાગે છે.

michaelbks@gmail.com

## સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી અને લેખન કાર્યોમાં કરે છે મદદ

હું કર્ણાટકના બાગલકોટ જિલ્લાનો રહેવાસી વિદ્યાર્થી અને લેખક છું. હું મારા અભ્યાસ, સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી અને લેખન કાર્ય માટે નિયમિતપણે "ન્યૂ ઈન્ડિયા સમાચાર" મેગેઝિન વાંચું છું. તે માહિતીનો ભંડાર ધરાવતું એક ઉત્તમ મેગેઝિન છે.

rahimanpoetry@gmail.com

## મળે છે ઘણી બધી માહિતી

ન્યૂ ઈન્ડિયા સમાચાર પત્રિકા ઉત્તમ છે. હું દરેક અંક વાંચું છું. હું હંમેશા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની વિદેશ મુલાકાતો અને વિદેશ નીતિ વિશે જાણવા માટે ઉત્સુક રહું છું. હું તેને ઓનલાઈન વાંચું છું. તે મને ઘણી બધી માહિતી પૂરી પાડે છે.

ashishprabhatmishra@gmail.com

## ભારતના વિકાસ, આયોજન અને બદલાતા પરિદૃશ્ય માટે માર્ગદર્શિકા

હું એક સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહ્યો છું. આ સમય દરમિયાન, મને ન્યૂ ઈન્ડિયા સમાચાર પત્રિકા વિશે જાણવા મળ્યું. મને સમજાયું કે તે ફક્ત એક મેગેઝિન નથી, પરંતુ ભારતના વિકાસ, યોજનાઓ અને બદલાતા લેન્ડસ્કેપ માટે માર્ગદર્શિકા છે. આ મેગેઝિન તેના વાચકો માટે જ્ઞાનનો ભંડાર છે.

સુનીલ કુમાર બોહરા

bohramadawas@gmail.com

પત્ર વ્યવહાર અને ઈમેલ માટેનું સરનામુ: રૂમ નંબર-1077, સૂચના ભવન, સીજીઓ કોમ્પલેક્ષ, નવી દિલ્હી - 110003.

ઈમેલ : response-nis@pib.gov.in




## 140 કરોડ ભારતીયો મળીને...

# ભારતને બનાવશે વિકસિત અને આત્મનિર્ભર

*ભારતનો ઝડપી વિકાસ અને મજબૂત અર્થતંત્ર એ વાતનો પુરાવો છે કે દેશ હવે તેની સુસ્તી છોડી ઝડપી નિર્ણયો લઈ રહ્યો છે. વૈશ્વિક અસ્થિરતા વચ્ચે, દેશનો 7.8% વિકાસ દર તેની આર્થિક મજબૂતાઈનો પુરાવો છે. દિલ્હી યુનિવર્સિટીની શ્રીરામ કોલેજ ઓફ કોમર્સના શતાબ્દી સમારોહમાં 5 સપ્ટેમ્બરના રોજ આયોજિત એક કાર્યક્રમમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે 140 કરોડ દેશવાસીઓ મળીને ભારતને બનાવશે વિકસિત અને આત્મનિર્ભર...*

જ્યારે કોઈ સંસ્થા 100 વર્ષ પૂર્ણ કરે છે, ત્યારે તે અસંખ્ય સિદ્ધિઓ અને પ્રેરણાનો સમુદ્ર બની જાય છે. શ્રીરામ કોલેજ ઓફ કોમર્સ (એસઆરસીસી)ની 100 વર્ષની ઐતિહાસિક સિદ્ધિઓ દેશ અને શિક્ષણ જગત બંને માટે ગર્વની વાત છે. દરિયાગંજમાં એક નાની ઈમારતથી પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા બનવા સુધીની કોલેજની વિકાસયાત્રાનો ઉલ્લેખ કરતાં, પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે તેણે ઘણી પેઢીઓના ભવિષ્યને આકાર આપ્યો છે. આજે, આ કોલેજના નામ પર એક ખાસ ગર્વની ભાવના છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, "આજે પણ, ડીયૂ માં, ફક્ત એટલું કહેવું કે તમે એસઆરસીસીમાંથી છો તે ગર્વની વાત છે."

કોલેજના સમૃદ્ધ વારસાની પ્રશંસા કરતાં પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે તેના વિદ્યાર્થીઓએ અનેક ક્ષેત્રોમાં સંસ્થાને વૈશ્વિક સ્તરે ગૌરવ અપાવ્યું છે. સ્વર્ગસ્થ અરુણ જેટલી અને સંજીવ સાન્યાલ જેવા પ્રખ્યાત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાથે કામ કરવાના પોતાના અંગત અનુભવોને યાદ કરતા તેમણે કહ્યું કે આ કોલેજના સ્નાતકો કલાકારો, રાજકારણીઓ અને ન્યાયાધીશ તરીકે દેશની સેવા કરી રહ્યા છે.

ભૂતકાળના પડકારોની સરખામણી આજની સિદ્ધિઓ સાથે કરતા, પ્રધાનમંત્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આતંકવાદનો પરાજય થયો છે, અને સશસ્ત્ર દળો હવે દુશ્મન પર વળતો પ્રહાર કરી રહ્યા છે. જમ્મુ અને કાશ્મીરથી ઉત્તરપૂર્વ સુધી શાંતિ પુનઃસ્થાપિત થઈ છે. આજે, સમગ્ર વિશ્વ ભારતને નીતિગત ગતિશીલતા અને સૌથી ઝડપથી વિકસતી જતી મુખ્ય અર્થવ્યવસ્થા તરીકે બિરદાવી રહ્યું છે. પશ્ચિમ એશિયામાં યુદ્ધ અને વૈશ્વિક

## આયાતકારથી નિકાસકાર બન્યો...

"મેક ઈન ઈન્ડિયા" પહેલની સિદ્ધિઓએ દેશને એક મુખ્ય આયાતકારમાંથી અગ્રણી વૈશ્વિક નિકાસકાર બનાવ્યો છે. ભારતની સ્માર્ટફોન નિકાસ 2.5 લાખ કરોડ રૂપિયાને વટાવી ગઈ છે, જ્યારે સ્વદેશી સંરક્ષણ ઉત્પાદન લગભગ 2 લાખ કરોડ રૂપિયાના રેકોર્ડ સ્તરે પહોંચી ગયું છે. સંરક્ષણ નિકાસ, જે 2013-14માં માત્ર 600-700 કરોડ રૂપિયા હતી, તે હવે વધીને 40,000 કરોડ રૂપિયા થઈ ગઈ છે.

## મક્કમ અને અડગ નિશ્ચય...

યુવાનોની શક્તિ અને 140 કરોડ નાગરિકોની ક્ષમતામાં અતૂટ વિશ્વાસ વ્યક્ત કરતાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સમૃદ્ધ, આત્મનિર્ભર અને વિકસિત ભારત માટે એક રોડમેપ રજૂ કર્યો. ભવિષ્યના મુખ્ય લક્ષ્યોનો ઉલ્લેખ કરતાં, તેમણે કહ્યું કે ભારત કૃષિ નિકાસ માટે વૈશ્વિક કેન્દ્ર બનવાનું, પોતાનું અવકાશ મથક સ્થાપિત કરવાનું અને ઓલિમ્પિક રમતોનું આયોજન કરવાનું લક્ષ્ય રાખે છે. પીએમ મોદીએ કહ્યું કે આ ફક્ત શબ્દો નથી, તે આપણો દૃઢ અને અટલ સંકલ્પ છે.



એસઆરસીસીના શતાબ્દી વર્ષ કાર્યક્રમમાં મેટ્રો રેલ પર સવારી કરીને પહોંચ્યા પીએમ મોદી, બાળકો સાથે વાતચીત કરી.

## ભારતીયો વિશ્વનું નેતૃત્વ કરે...

21મી સદીના યુવાનોની મહત્વાકાંક્ષી વિચારસરણીને કારણે જ આપણા યુવાનો સ્ટાર્ટઅપ્સ અને યુનિકોર્ન જેવા ક્ષેત્રોમાં વૈશ્વિક નેતા બનવા તરફ આગળ વધી રહ્યા છે. યુવાનોએ પાછલી પેઢીઓ કરતાં મોટા સપના જોવા જોઈએ. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે જ્યારે ભારતીયો વિશ્વની અગ્રણી કંપનીઓનું નેતૃત્વ કરી રહ્યા છે, ત્યારે ભારતીયો દ્વારા સ્થાપિત કંપનીઓ સમગ્ર વિશ્વનું નેતૃત્વ કેમ ન કરી શકે?

> **મને વિશ્વાસ છે... આપણે 140 કરોડ ભારતીયો સાથે મળીને આપણા દેશને વિકસિત અને આત્મનિર્ભર બનાવીશું. હું નાના અને સરળ લક્ષ્યો લઈને ચાલનારો માણસ નથી. હું દેશ માટે મોટા લક્ષ્યો નક્કી કરું છું અને તેને પ્રાપ્ત કરવામાં મારા હૃદય અને આત્માને કામે લગાવી દઉં છું.**
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**



વેપાર વિક્ષેપો વચ્ચે 7.8 ટકાનો ત્રિમાસિક વિકાસ દર હાંસલ કરવો એ ભારતની આંતરિક શક્તિને પ્રતિબિંબિત કરે છે.

### ટીકાકારોને આ આંકડાઓથી આપ્યો જવાબ

ટીકાકારોનો સામનો કરવા માટે નક્કર આર્થિક ડેટા રજૂ કરતાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે એપ્રિલથી જૂન વચ્ચે વીજળી ઉત્પાદનમાં 9 ટકાનો વધારો થયો છે, જ્યારે કુલ વાહનોના વેચાણમાં 20 ટકાથી વધુનો વધારો થયો છે, જેમાં ટુ-વ્હીલરમાં 20% અને થ્રી-વ્હીલરમાં લગભગ 30% નો વધારો સામેલ છે. તેમણે દલીલ કરી હતી કે સ્ટીલ અને સિમેન્ટના વપરાશમાં 8% નો વધારો બાંધકામ, રહેઠાણ અને વાણિજ્યિક પ્રવૃત્તિઓના ઝડપી વિસ્તરણને દર્શાવે છે. ભારતની અડધાથી વધુ વસ્તી, જેમના માર્ચ 2014 સુધી બેંક ખાતા નહોતા, તેઓ હવે બેંકિંગ સિસ્ટમમાં જોડાઈ ગયા છે, જ્યારે આજે, જન-ધન યોજના દ્વારા, લગભગ 60 કરોડ નાગરિકોને આવરી લેવામાં આવ્યા છે. ■

પીએમ મોદીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.

# ભારતના નેતૃત્વમાં

## માનવતાનું ઉદાહરણ બન્યું

# બ્રિક્સ 2026



**ભારત પ્રથમ દિવસથી જ બ્રિક્સ વાર્તાનો ભાગ રહ્યું છે. આજે, પૃથ્વી પરની દર બીજી વ્યક્તિ કોઈને કોઈ બ્રિક્સ દેશમાં રહે છે. આ જૂથ વિશ્વની લગભગ 50% વસ્તી, જીડીપીના 40% અને વેપારના 25% થી વધુનું પ્રતિનિધિત્વ કરે છે. છેલ્લા 20 વર્ષોમાં, વૈશ્વિક અર્થતંત્રમાં અઢી ગણો વધારો થયો છે, જ્યારે બ્રિક્સ દેશોનો સંયુક્ત જીડીપીસાડા ચાર ગણો વધ્યો છે. આ વર્ષે, 12-13 સપ્ટેમ્બર, 2026 ના રોજ નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે આયોજિત 18મા બ્રિક્સસમિટમાં બ્રિક્સની યાત્રાના 20 વર્ષની ઉજવણી કરવામાં આવી હતી. ભારતે 2026માં તેનું ચોથું પ્રમુખપદ સંભાળવાની સાથે 'સ્થિતિસ્થાપકતા, નવીનતા, સહકાર અને ટકાઉ વિકાસ માટે નિર્માણ'ની થીમ અપનાવી હતી. આ એ જ મંત્ર છે જે છેલ્લાં 12 વર્ષથી ભારતની આર્થિક નીતિનો પાયો રહ્યો છે. વધતા વેપાર અવરોધો વચ્ચે, ભારત આર્થિક પુલ અને વિશ્વાસનું પ્રતીક બની ગયું છે, અને "નવી દિલ્હી ઘોષણા" સાથે, તેણે બ્રિક્સને આપી છે એક નવી, વધુ અસરકારક માનવતાવાદી દિશા...**




18મા બ્રિક્સ શિખર સંમેલનનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.



નવું ભારત આજે વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે વિકાસ અને સ્થિરતાનો વિશ્વાસ આપી રહ્યું છે. દુનિયામાં આજે જ્યારે વેપાર અવરોધો વધી રહ્યા છે, ત્યારે ભારત આર્થિક પુલ બનાવી રહ્યું છે. ભલે તે સંયુક્ત રાષ્ટ્ર હોય, જી-20 હોય કે અન્ય પ્રભાવશાળી જૂથો હોય, ભારત, વૈશ્વિક સંસ્થાઓનું અધ્યક્ષપદ સંભાળતી વખતે, "વસુધૈવ કુટુંબકમ"ની ભાવના સાથે, વિશ્વને એક નવો આકાર અને દિશા આપી રહ્યું છે. આ સંદર્ભમાં, બ્રિક્સ 2026ની અધ્યક્ષતા કરીને, ભારતે વિશ્વને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે જો આપણું ભવિષ્ય સહિયારું છે, તો તેના નિર્માણનો અધિકાર પણ સહિયારો હોવો જોઈએ. ભારતના વિઝનના પરિણામે, બ્રિક્સ દેશો વૈશ્વિક નવીનતા અને ઉકેલોના મહત્વપૂર્ણ કેન્દ્રો બની રહ્યા છે. નવી દિલ્હીમાં યોજાયેલી બ્રિક્સ સમિટ 2026એ વિશ્વને પડકારોનો સામનો કરવા માટે માનવતાવાદી અભિગમ આપ્યો છે.

આજે, જ્યારે વિશ્વ અનેક મોરચે પડકારોનો સામનો કરી રહ્યું છે, પછી ભલે તે જળવાયુ સંકટ હોય, વૈશ્વિક પુરવઠા શૃંખલાઓમાં વિક્ષેપો હોય, કે બહુપક્ષીય સંસ્થાઓનું ધીમું કાર્ય હોય, ત્યારે બ્રિક્સ જેવા પ્લેટફોર્મની ભૂમિકા વધુ મહત્વપૂર્ણ બની જાય છે. બ્રિક્સ હવે ફક્ત આર્થિક ચર્ચાઓ સુધી મર્યાદિત નથી, પરંતુ વૈશ્વિક શાસન સુધારણાથી લઈને ટેકનોલોજી, આરોગ્ય, શિક્ષણ અને જળવાયુ સુધીના તમામ ક્ષેત્રોમાં મજબૂત અને નિર્ણાયક પહેલ કરી રહ્યું

> ***ભારતે બ્રિક્સ પ્લેટફોર્મ દ્વારા મિત્રતા, ભાગીદારી અને સહયોગને પ્રોત્સાહન આપ્યું છે. અમારો પ્રયાસ એ રહ્યો છે કે બ્રિક્સ સહયોગ ફક્ત સરકારો પૂરતો મર્યાદિત ન રહે. આપણા ઉદ્યોગસાહસિકો, ખેડૂતો, સંશોધકો, મહિલાઓ, યુવાનો અને સામાન્ય નાગરિકો પણ આમાં સક્રિય ભાગ લે.***
>
> ***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

છે. ભારત બ્રિક્સનું સ્થાપક સભ્ય છે અને અત્યાર સુધીમાં ચાર વખત તેનું અધ્યક્ષપદ સંભાળી ચૂક્યું છે - 2012, 2016, 2021 અને 2026માં. તેના દરેક અધ્યક્ષપદમાં, ભારતે આ મંચને નવી દિશા આપી છે.

ભારતે 2026માં તેના પ્રમુખપદ માટે ચાર સ્તંભો નક્કી કર્યા હતા: સ્થિતિસ્થાપકતા, નવીનતા, સહકાર અને સ્થાયી વિકાસ માટે નિર્માણ (બિલ્ડીંગ ફોર રેઝિલિએશન, ઈનોવેશન, કૉઓપરેશન એન્ડ સસ્ટેનેબિલીટી). આ વિઝન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2025માં બ્રાઝિલના રિયો ડી જાનેરોમાં

## બ્રિક્સ: અડધી દુનિયા, 40 ટકા શક્તિ

| | |
|---|---|
| સભ્ય દેશ | 11 (બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન, દક્ષિણ આફ્રિકા, ઈજિપ્ત, ઈથોપિયા, ઈન્ડોનેશિયા, ઈરાન, સાઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમીરાત) |
| બ્રિક્સ+ ભાગીદાર દેશો (કુલ પરિવાર) | 21 દેશો |
| વૈશ્વિક વસતિમાં હિસ્સો | લગભગ 50% |
| વૈશ્વિક જીડીપીમાં હિસ્સો | લગભગ 40% |
| વૈશ્વિક વેપારમાં ભાગીદારી | લગભગ 25% |
| છેલ્લા 20 વર્ષમાં વૈશ્વિક જીડીપી વૃદ્ધિ | લગભગ અઢી ગણું |
| સમાન સમયગાળા દરમિયાન બ્રિક્સ દેશોનો સંયુક્ત જીડીપી વૃદ્ધિદર | લગભગ સાડા ચાર ગણો |
| ભારતની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકો/કાર્યક્રમો | 400 થી વધુ |
| આ બેઠકોનું આયોજન કરનાર ભારતીય શહેરો | 30 થી વધુ |
| બ્રિક્સ મહિલા વ્યાપાર જોડાણ બેઠક (ભારત, 2026)માં ભાગ લીધેલી મહિલા વ્યાપાર નેતાઓ | 200 આસપાસ |

આયોજિત 17મા બ્રિક્સ શિખર સંમેલન દરમિયાન રજૂ કર્યું હતું, જે લોક-કેન્દ્રિત અને માનવતા-પ્રથમ અભિગમ પર આધારિત છે. ભારતે તેના અધ્યક્ષપદ દરમિયાન આ દ્રષ્ટિકોણને વ્યવહારું કાર્યક્રમોમાં રૂપાંતરિત કર્યો, જેમાં આર્થિક અને સામાજિક સ્થિતિસ્થાપકતાને મજબૂત બનાવવા અને ડિજિટલ જાહેર માળખાગત સુવિધાઓ અને કૃત્રિમ બુદ્ધિ જેવી નવી તકનીકોને શેર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. ભારતની અધ્યક્ષતા માટે બનાવવામાં આવેલું બ્રિક્સ ઈન્ડિયા 2026નું પ્રતિક ચિહ્ન પણ આ ભાવનાને મૂર્તિમંત કરે છે. તેમાં ફૂલોની પાંખડીઓ બધા બ્રિક્સ સભ્ય દેશોના જીવંત રંગોને પ્રતિબિંબિત કરે છે, જે તેમની સામૂહિક શક્તિ અને એકતાને દર્શાવે છે. મધ્યમાં 'નમસ્તે' ભાવ ભારતની હૂંફ, આદર અને સુમેળભર્યા સહકારની ભાવનાને પ્રતિબિંબિત કરે છે, જ્યારે લોગો બ્રિક્સના ત્રણ મુખ્ય સ્તંભોને પણ સૂક્ષ્મ રીતે દર્શાવે છેઃ રાજકીય-સુરક્ષા સહયોગ, આર્થિક-નાણાકીય ભાગીદારી અને લોકો-થી-લોકોના સંપર્કો.

### અગિયાર દેશો, એક પ્લેટફોર્મ, આ રીતે અસ્તિત્વમાં આવ્યું બ્રિક્સ

બ્રિક્સ એ 11 મુખ્ય વિકસતા બજાર અને વિકાસશીલ દેશોનો સમૂહ છે. તેમાં બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન, દક્ષિણ આફ્રિકા, ઈજિપ્ત, ઈથોપિયા, ઈન્ડોનેશિયા, ઈરાન, સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાતનો સમાવેશ થાય છે. આ સમૂહ વૈશ્વિક અને પ્રાદેશિક મહત્વના સમકાલીન





મુદ્દાઓ પર પરામર્શ અને સહયોગ માટે એક શક્તિશાળી મંચ તરીકે સેવા આપે છે. આ મંચનો પાયો 2006માં ન્યૂ યોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભા નિમિત્તે યોજાયેલી પ્રથમ બ્રિક્સ વિદેશ પ્રધાનોની બેઠકમાં નાખવામાં આવ્યો હતો. જોકે, બ્રિક (BRIC) શબ્દનો ઉપયોગ 2001માં ગોલ્ડમેન સૈક્સ દ્વારા પ્રકાશિત વૈશ્વિક અર્થશાસ્ત્ર પેપર "ધ વર્લ્ડનીડ્સ બેટર ઈકોનોમિક બ્રિક્સ"માં કરવામાં આવ્યો હતો. ઈકોનોમેટ્રિક વિશ્લેષણના આધારે, આ પેપરમાં અંદાજ લગાવવામાં આવ્યો હતો કે બ્રાઝિલ, રશિયા, ભારત અને ચીન આગામી પાંચ દાયકામાં વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાં સામેલ થશે. આ દેશોની વધતી જતી આર્થિક શક્તિ અને ત્રણ ખંડોમાં તેમની વિશાળ ભૌગોલિક પહોંચ તેમના ઉભરતા વૈશ્વિક મહત્વ પર ભાર મૂકે છે. બ્રિકની વિભાવના ત્યારબાદ એક ઔપચારિક જૂથમાં વિકસિત થઈ. 2006માં તેની રચનાના ત્રણ વર્ષ પછી, તેની પ્રથમ સમિટ 2009માં રશિયાના યેકાટેરિનબર્ગમાં યોજાઈ હતી.

2010માં, દક્ષિણ આફ્રિકાને સમાવવા માટે સંમતિ આપવામાં આવી હતી, અને 2011માં સાન્યા શિખર સંમેલનથી આ જૂથ દક્ષિણ આફ્રિકાના સમાવેશ સાથે ઔપચારિક રીતે બ્રિક્સ બની ગયું.

> **"** ***આજે, વૈશ્વિક સ્તરે વેપાર અવરોધો વધી રહ્યા છે, ત્યારે ભારત આર્થિક સેતુ બની રહ્યું છે. 2014 થી, અમે લગભગ 40 દેશો સાથે મુક્ત વેપાર કરારો પર હસ્તાક્ષર કર્યા છે. બ્રિક્સમાં અમારો અભિગમ સમાન છે: અવરોધો ઘટાડવા અને વ્યવસાયિક તકોનો વિસ્તાર કરવો.***
>
> ***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

## ટાઈમલાઈન:વીસ વર્ષની યાત્રા, ભારતની ચાર અધ્યક્ષતા (2006-2026)

| | | |
|---|---|---|
| 2006 | બ્રિકની સ્થાપના | ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભા અવસરે બ્રિક્સ દેશોના વિદેશ મંત્રીઓની પ્રથમ બેઠક |
| 2009 | પ્રથમ શિખર સંમેલન | રશિયાના યેકાતેરિનબર્ગમાં યોજાઈ |
| 2011 | બ્રિક્સનો જન્મ | દક્ષિણ આફ્રિકા જોડાતાંની સાથે, બ્રિક, બ્રિક્સ બન્યું (સાન્યા શિખર સંમેલન) |
| 2012 | ભારતનું પ્રથમ અધ્યક્ષપદ | ચોથું શિખર સંમેલન, નવી દિલ્હી - વિષયઃ 'વૈશ્વિક સ્થિરતા, સુરક્ષા અને સમૃદ્ધિ માટે બ્રિક્સ ભાગીદારી' દિલ્હી ઘોષણાપત્ર અપનાવવામાં આવ્યું |
| 2016 | ભારતનું બીજું અધ્યક્ષપદ | 8મું શિખર સંમેલન, ગોવા- વિષયઃ 'જવાબદાર, સમાવેશી અને સામૂહિક ઉકેલોનું નિર્માણ' ગોવા ઘોષણાપત્ર અને બિમ્સટેક આઉટરીચ |
| 2021 | ભારતનું ત્રીજું અધ્યક્ષપદ | 13મું શિખર સંમેલન, નવી દિલ્હી વિષયઃ 'બ્રિક્સ@15: સાતત્ય, એકીકરણ અને સર્વસંમતિ માટે સહકાર' નવી દિલ્હી ઘોષણા |
| 2024 | વિસ્તરણનો પ્રથમ તબક્કો | ઈજિપ્ત, ઈથોપિયા, ઈરાન, સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાત પૂર્ણ સભ્ય બન્યા |
| 2025 | વિસ્તરણનો બીજો તબક્કો | ઈન્ડોનેશિયા પૂર્ણ સભ્ય બન્યું, 10 દેશો ભાગીદાર દેશો બન્યા, રિયો ડી જાનેરોમાં 17મું શિખર સંમેલન |
| 2026 | ભારતનું ચોથું અધ્યક્ષપદ (બ્રિક્સની 20મી વર્ષગાંઠ) | 18મું શિખર સંમેલન, નવી દિલ્હી વિષયઃ 'સ્થિતિસ્થાપકતા, જવાબદારી, સહયોગ અને સ્થાયી વિકાસ માટે નિર્માણ', નવી દિલ્હી ઘોષણાપત્ર (140 ફકરા) અપનાવવામાં આવ્યું |
| 2027 | આગામી અધ્યક્ષપદ | ચીનને અધ્યક્ષપદ અને 19મા શિખર સંમેલનનું યજમાનપદ આપવામાં આવ્યું. |

### છેલ્લા ત્રણ વર્ષમાં આ પરિવારનો ઝડપથી વિકાસ થયો છે.

જાન્યુઆરી 2024માં ઈજિપ્ત, ઈથોપિયા, ઈરાન, સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાત પૂર્ણ સભ્ય બન્યા, અને જાન્યુઆરી 2025માં ઈન્ડોનેશિયા પણ આ યાદીમાંજોડાઈ ગયું. આ વર્ષે, બેલારુસ, બોલિવિયા, કઝાકિસ્તાન, ક્યુબા, મલેશિયા, નાઈજીરીયા, થાઈલેન્ડ, યુગાન્ડા, ઉઝબેકિસ્તાન અને વિયેતનામ ભાગીદાર દેશો તરીકે બ્રિક્સ પરિવારમાં જોડાયા. 20 વર્ષમાં, ચાર દેશોથી શરૂ થયેલ આ જૂથ 21 દેશોના વિશાળ પરિવારમાં વિકસ્યું છે. આ વિસ્તરણ આ પ્લેટફોર્મની વિશ્વસનીયતા, મહત્વ અને આકર્ષણને પ્રતિબિંબિત કરે છે.

### સંઘર્ષ વચ્ચે સેતુ બની ગયું ભારત

2026નું વર્ષ એવા સમયે આવ્યું જ્યારે વિશ્વ અનેક મોરચે તણાવનો સામનો કરી રહ્યું હતું. એક તરફ, પશ્ચિમ એશિયામાં સંઘર્ષ હતો, યુક્રેન-રશિયા તણાવનો ઓછાયો હતો, અને બીજી તરફ, વેપાર અવરોધોની વધતી જાળ





અને બહુપક્ષીય સંસ્થાઓમાં વિશ્વાસ ઘટી રહ્યો હતો. આવા વાતાવરણમાં 11 વિવિધ સભ્યતાઓ, રાજકીય વ્યવસ્થાઓ અને આર્થિક હિતો ધરાવતા દેશોને એકસાથે લાવવા અને સર્વસંમતિ સુધી પહોંચવું એ સરળ કાર્ય નહોતું. ભારતે આ જવાબદારી પ્રશંસનીય રીતે નિભાવી. 18મા શિખર સંમેલનના ઉદ્ઘાટન સત્રમાં પોતાના સંબોધનમાં, પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું હતું કે બ્રિક્સ "કમિંગ ઓફ એજ"ના ક્ષણે છે. જેમ 20 વર્ષની ઉંમર માનવ જીવનમાં પરિપક્વતા અને જવાબદારીના નવા અધ્યાયને ચિહ્નિત કરે છે, તેમ બ્રિક્સ હવે એવા તબક્કે પહોંચી ગયું છે જ્યાં જવાબદારીઓ સપનાઓ સાથે જોડાયેલી છે. તેમણે ખાસ કરીને ભાર મૂક્યો હતો કે બ્રિક્સની તાકાત એ હકીકતમાં રહેલી છે કે તે કોઈની વિરુદ્ધ નહીં પરંતુ સર્વ સમાવેશકતાના દ્રષ્ટિકોણ પર આધારિત છે. સભ્ય દેશો પરસ્પર આદર સાથે સર્વસંમતિ દ્વારા આગળ વધે છે. પ્રધાનમંત્રી મોદીનો આ દ્રષ્ટિકોણ નવી દિલ્હી ઘોષણાપત્રમાં સ્પષ્ટપણે પ્રતિબિંબિત થયો. જ્યારે એક તરફ આતંકવાદ સામે ખૂબ જ સ્પષ્ટ અને કડક

**"**

***આપણું ભવિષ્ય સહિયારું છે, તેથી તે ભવિષ્યને આકાર આપવાનો અધિકાર પણ સહિયારો હોવો જોઈએ - અવાજથી પ્રભાવ સુધી અને વિશેષાધિકારથી ભાગીદારી સુધી.***

***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

ભાષા અપનાવવામાં આવી છે.એપ્રિલ 2025માં જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની સખત નિંદા કરતાં, ઘોષણાપત્રમાં આતંકવાદ પ્રત્યે ઝીરો ટોલરન્સ અને બેવડા ધોરણો ન અપનાવવાની હાકલ કરવામાં આવી હતી, જ્યારે બીજી બાજુ ગાઝા, લેબનોન, સીરિયા અને




## ભારતની અધ્યક્ષતામાં આયોજિત બ્રિક્સ શિખર સંમેલન

**2026:** 18મું બ્રિક્સ શિખર સંમેલન - 12 અને 13 સપ્ટેમ્બર, 2026 ના રોજ નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ભારત દ્વારા આયોજિત. થીમ "સ્થિતિસ્થાપકતા, નવીનતા, સહયોગ અને ટકાઉ વિકાસ માટે નિર્માણ" હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2025 માં રિયો શિખર સંમેલન દરમિયાન આ દ્રષ્ટિકોણ રજૂ કર્યો હતો, જે "માનવતા પહેલા" અને લોક-કેન્દ્રિત અભિગમ પર આધારિત છે. 2026 બ્રિક્સની સ્થાપનાને 20 વર્ષ પૂર્ણ થયા.

- આ ઘોષણામાં 140 મુદ્દાઓનો સમાવેશ થાય છે, જેમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં સુધારા, આતંકવાદ સામે કડક વલણ, વૃદ્ધિ અને વિકાસ પર બ્રિક્સ ટાસ્ક ફોર્સ, બ્રિક્સ કનેક્ટ, બ્રિક્સ અનાજ વિનિમય, જળવાયુ પરિવર્તન અને પેરિસ કરાર, તેમજ એક નવી વિકાસ બેંકનો સમાવેશ થાય છે.

**2021:** 13મું બ્રિક્સ શિખર સંમેલન - 9 સપ્ટેમ્બર 2021 ના રોજ વર્ચ્યુઅલી યોજાયું. થીમ "બ્રિક્સ@15: સાતત્ય, શક્તિ અને સર્વસંમતિ માટે સહકાર" હતી.

- આ ઘોષણાપત્રમાં બહુપક્ષીય પ્રણાલીમાં સુધારો, આતંકવાદ સામે લડત, SDGs માટે ડિજિટલ ટેકનોલોજીનો ઉપયોગ અને લોકો વચ્ચે સંપર્કો વધારવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. ભારતે બ્રિક્સની કામગીરીને સરળ બનાવી અને ડિજિટલ હેલ્થ સમિટ અને પ્રથમ જળ મંત્રીઓની બેઠક જેવા નવા પ્લેટફોર્મ શરૂ કર્યા.

**2016:** 8મું બ્રિક્સ શિખર સંમેલન 15-16 ઓક્ટોબર 2016 ના રોજ ગોવામાં યોજાયું હતું. તેની થીમ- 'જવાબદાર, સમાવેશી અને સામૂહિક ઉકેલોનું નિર્માણ' હતો.

- ગોવા ઘોષણાપત્ર અને કાર્ય યોજનામાં નવી વિકાસ બેંકના પ્રારંભ અને નવીનીકરણીય ઊર્જા માટે તેની પ્રથમ લોનનું સ્વાગત કરવામાં આવ્યું હતું, જ્યારે વિકાસશીલ દેશોની ભાગીદારી વધારવા માટે સંયુક્ત રાષ્ટ્રમાં સુધારાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો.

**2012:** ચોથું બ્રિક્સ શિખર સંમેલન 29 માર્ચ 2012ના રોજ નવી દિલ્હીમાં યોજાયું. તેની થીમ- 'વૈશ્વિક સ્થિરતા, સુરક્ષા અને સમૃદ્ધિ માટે બ્રિક્સ ભાગીદારી' હતી.

- તેમાં વિશ્વ અર્થતંત્રમાં અસમાન સુધારા, દેશો પર વધતા દેવાના જોખમો અને ટકાઉ વિકાસ જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

સુદાન જેવા સંવેદનશીલ મુદ્દાઓ પર પણ બધા સભ્ય દેશોના વિવિધ રાષ્ટ્રીય દ્રષ્ટિકોણનો આદર કરીને સંતુલિત દ્રષ્ટિકોણ અપનાવવામાં આવ્યો હતો. આ ભારતની રાજદ્વારી પરિપક્વતાનો પુરાવો હતો કે આવા વિવિધ હિતો ધરાવતા દેશો એક સામાન્ય ઘોષણાપત્ર પર સંમત થઈ શક્યા.

રિયો ડી જાનેરોમાં 2025ના શિખર સંમેલનમાં,પ્રધાનમંત્રી મોદીએ આ ભાવનાનો પડઘો પાડતાં કહ્યું કે વીસમી સદીમાં સ્થાપિત વૈશ્વિક સંગઠનો એકવીસમી સદીના પડકારોનો સામનો કરવા માટે અસમર્થ છે અને તેમને બહુધ્રુવીય અને સમાવિષ્ટ વિશ્વ વ્યવસ્થા અનુસાર સુધરવું પડશે. તેમણે



ભારપૂર્વક જણાવ્યું હતું કે બ્રિક્સનું વિસ્તરણ એ સાબિત કરે છે કે આ સમૂહ સમયની સાથે પોતાની જાતને બદલવાની ક્ષમતા ધરાવે છે. ભારતે તેના અધ્યક્ષપણા દરમિયાન આ ભાવનાને આગળ ધપાવી અને વેપાર, આરોગ્ય, ટેકનોલોજી અને જળવાયુ જેવા વ્યવહારુ ક્ષેત્રોમાં નક્કર પહેલ શરૂ કરી, જેથી વૈશ્વિક અસ્થિરતા વચ્ચે બ્રિક્સ સહકાર અને વિશ્વાસનાં મોડેલ તરીકે ઉભરી આવે.

**નવી દિલ્હી ઘોષણાપત્ર: પરિવર્તન માટે 140-મુદ્દાની બ્લુપ્રિન્ટ**

18મા બ્રિક્સ સમિટમાં "નવી દિલ્હી ઘોષણાપત્ર" અપનાવવામાં આવ્યું, જેનો વિષય "ક્ષમતા નિર્માણ, નવીનતા, સહકાર અને ટકાઉ વિકાસ" હતો. તે બે દાયકાના બ્રિક્સ અનુભવ અને ભારતના અધ્યક્ષીય કાર્યકાળ દરમિયાન યોજાયેલી 400 થી વધુ બેઠકોનું પ્રતિનિધિત્વ કરે છે. તે 140 ફકરાઓવાળો એક વ્યાપક દસ્તાવેજ છે, જે વૈશ્વિક શાસન સુધારાથી લઈને આરોગ્ય, કૃષિ, ટેકનોલોજી, જળવાયુ અને સંસ્કૃતિ સુધીના દરેક ક્ષેત્રને આવરી લે છે. ઘોષણાપત્રમાં એક મુખ્ય મુદ્દો સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના સુધારા પર સભ્ય દેશોની એકતા હતી. ચીન અને રશિયાએ સુરક્ષા પરિષદના કાયમી સભ્યો સહિત સંયુક્ત રાષ્ટ્રમાં મોટી ભૂમિકા ભજવવાની ભારત અને બ્રાઝિલની આકાંક્ષાઓને સમર્થન આપ્યું.ઘોષણાપત્રમાં ભાર મૂકવામાં આવ્યો હતો કે

> **"ઈનોવેશન હેઠળ, બ્રિક્સ ઈન્ક્યુબેટર નેટવર્ક આપણા સ્ટાર્ટઅપ્સ અને ઈન્ક્યુબેટર્સને જોડશે. નાના ઉદ્યોગોને જ્ઞાન, નાણાં અને નવા બજારો સાથે જોડવા માટે, અમે બ્રિક્સ એમએસએમઈ કોઓપરેશન પોર્ટલ શરૂ કર્યું છે.**
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

20મી સદીમાં રચાયેલી વૈશ્વિક સંસ્થાઓ આજની વાસ્તવિકતાઓને પ્રતિબિંબિત કરતી નથી અને આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ, વિશ્વ બેંક અને વિશ્વ વેપાર સંગઠન જેવી સંસ્થાઓમાં તાત્કાલિક સુધારાની જરૂર છે.

આતંકવાદ પર ઘોષણાપત્રની ભાષા ખૂબ જ સ્પષ્ટ હતી. સભ્ય દેશોએ એપ્રિલ 2025માં પહેલગામ આતંકવાદી હુમલાની સખત નિંદા કરી, આતંકવાદના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓ સામે લડવાની તેમની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી અને ભાર મૂક્યો કે આતંકવાદને કોઈપણ ધર્મ,




## ભારતના બ્રિક્સ અધ્યક્ષપદના મુખ્ય આધારસ્તંભો

**સ્થિતિસ્થાપકતા**

- વૈશ્વિક અનિશ્ચિતતાઓ, પુરવઠા શૃંખલામાં વિક્ષેપો, આરોગ્ય પડકારો અને જળવાયુ જોખમોને દૂર કરવા માટે આર્થિક, સામાજિક અને સંસ્થાકીય સ્થિતિસ્થાપકતાને મજબૂત બનાવવી.

**નવીનતા**

- અસરકારક સેવા વિતરણ અને ભવિષ્ય માટે તૈયાર વિકાસને સક્ષમ બનાવવા માટે ડિજિટલ પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ફિનટેક, એઆઈ અને જ્ઞાન વહેંચણી જેવી નવી અને ઉભરતી તકનીકોનો ઉપયોગ કરો.

**સહયોગ**

- નીતિ સંકલન, વિકાસ નાણાં, વેપાર સુવિધા, વૈશ્વિક સંસ્થાકીય શાસનમાં સુધારા અને લોક-કેન્દ્રિત ભાગીદારી દ્વારા બ્રિક્સ સભ્યો વચ્ચે બહુપક્ષીય જોડાણને વધુ ગાઢ બનાવવું.

**સતત વિકાસ**

- રાષ્ટ્રીય અને વૈશ્વિક પ્રાથમિકતાઓ અનુસાર જળવાયુ કાર્યવાહી, ગ્રીન ફાઈનાન્સ, ઊર્જા સંક્રમણ અને ટકાઉ વિકાસ તરફના સામૂહિક પ્રયાસોને વેગ આપો.

## બ્રિક્સ ઈન્ડિયા 2026નો લોગો

બ્રિક્સ 2026નો લોગો પરંપરા અને આધુનિકતાનું સુંદર મિશ્રણ છે. ફૂલોની પાંખડીઓ બધા બ્રિક્સ સભ્ય દેશોના જીવંત રંગોને પ્રતિબિંબિત કરે છે. આ દેશોની એકતા અને સામૂહિક શક્તિનું પ્રતીક છે. મધ્યમાં 'નમસ્તે' પ્રતીક ભારતની સદીઓ જૂની પરંપરા, પોતિકાપણું, આદર અને એકતાની ભાવનાનું પ્રતિનિધિત્વ કરે છે. લોગો ત્રણ મુખ્ય સ્તંભોને પણ દર્શાવે છે...

- રાજકીય અને સુરક્ષા સહયોગ
- આર્થિક અને નાણાકીય ભાગીદારી
- સાંસ્કૃતિક અને લોકોની વચ્ચે પરસ્પર સંપર્કો અને સહયોગ

રાષ્ટ્રીયતા અથવા સમુદાય સાથે જોડવો ના જોઈએ. આતંકવાદ સામે લડવામાં કોઈ બેવડા ધોરણો સ્વીકાર્ય નથી. આર્થિક મોરચે, ઘોષણાપત્રમાં ન્યૂ ડેવલપમેન્ટ બેંક તેના બીજા 'સુવર્ણ દાયકા'માં પ્રવેશી રહી છે તેનું સ્વાગત કરવામાં આવ્યું છે અને મે 2026 માં મોસ્કોમાં આયોજિત 11મી વાર્ષિક બેઠકની નોંધ લેવામાં આવી હતી. ભારતીય વેપાર અને ઉદ્યોગ પરિષદના સહયોગથી વિકસાવવામાં આવેલ બ્રિક્સ-એનડીબીનો લેજ પોર્ટલ પણ લોન્ચ કરવામાં આવ્યું હતું, જે સભ્ય દેશોના વિકાસ અનુભવો અને શ્રેષ્ઠ પ્રથાઓને એક સાથે લાવે છે. સરહદ પાર ચુકવણી ઝડપી, સસ્તી અને સુરક્ષિત




## દેશના 30 શહેરોમાં 400 થી વધુ બેઠકોમાં બ્રિક્સ મંથન

ભારતની અધ્યક્ષતામાં બ્રિક્સ સભ્ય દેશો અને સંગઠનો સામેલ થયેલા આ શિખર સંમેલન દરમિયાન, દેશભરના 30 શહેરોમાં યોજાયેલી અગાઉની 400 બેઠકો દરમિયાન થયેલા નિષ્કર્ષો અને સર્વસંમતિને આગળ વધારવામાં આવી હતી. રાજકીય અને સુરક્ષા સહયોગ, આર્થિક અને નાણાકીય સહયોગ, અને સાંસ્કૃતિક અને લોકોથી લોકોનો સંપર્ક સહકારના ત્રણ મુખ્ય સ્તંભો હતા. ભારતના અધ્યક્ષતા દરમિયાન, વિવિધ બ્રિક્સ વિષયોના ક્ષેત્રોમાં 50 થી વધુ પરિણામો પ્રાપ્ત થયા હતા. ઘણા પરિણામો પ્લેટફોર્મ, માળખા અને માર્ગદર્શિકાના સ્વરૂપમાં વિકસાવવામાં આવ્યા હતા, જેનો હેતુ બ્રિક્સના ત્રીજા દાયકામાં સતત સહકાર અને ભાગીદારીને આગળ વધારવાનો હતો. બેઠકો દરમિયાન થયેલી સર્વસંમતિને બ્રિક્સ નવી દિલ્હી ઘોષણાપત્રમાં સામેલ કરવામાં આવી હતી. આ ઘોષણાપત્રમાં 140 મુદ્દાઓનો સમાવેશ થતો હતો, જેમાંથી કેટલાક સૌથી મહત્વપૂર્ણ મુદ્દાઓ અહીં આપેલા છે. સંપૂર્ણ ઘોષણાપત્ર વાંચવા માટે, https://www.mea.gov.in/bilater-al-documents?dtl/41776 લિંક પર ક્લિક કરો.

## બ્રિક્સ નવી દિલ્હી ઘોષણાપત્રના કેટલાક મહત્વપૂર્ણ મુદ્દા

- સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં સુધારો: યુએન સુધારા અને સુરક્ષા પરિષદમાં વિકાસશીલ દેશોના પ્રતિનિધિત્વમાં વધારો કરવા પર ભાર. ચીન અને રશિયાએ ભારત અને બ્રાઝિલની મોટી ભૂમિકા માટેની આકાંક્ષાઓને પોતાનો ટેકો પુનરાવર્તિત કર્યો.
- આતંકવાદ સામે કડક વલણ: 22 એપ્રિલ, 2025 ના રોજ જમ્મુ અને કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલાની સખત નિંદા. સરહદ પારના આતંકવાદ, આતંકવાદી ભંડોળ અને સલામત આશ્રયસ્થાનો સહિત તમામ સ્વરૂપોમાં આતંકવાદ માટે બિલકુલ સહિષ્ણુતા નહિ.
- કિમ્બર્લી પ્રક્રિયામાં ભારતનું અધ્યક્ષપદ: 2026 માં કિમ્બર્લી પ્રક્રિયામાં ભારતના અધ્યક્ષપદનું સ્વાગત; બ્રિક્સમાં આફ્રિકન હીરા ઉત્પાદક દેશો સાથે સહયોગને ટેકો.
- ગિફ્ટ સિટીમાં બ્રિક્સ રિસ્ક લેબ: ભારતના પ્રસ્તાવ પર ગુજરાતના GIFT સિટીમાં IFSC ખાતે બ્રિક્સ રિસ્ક લેબની મેજબાની કરવા અંગે વધુ ચર્ચાઓને સમર્થન .
- બ્રિક્સ ટાસ્ક ફોર્સ ઓન ગ્રોથ-ડેવલપમેન્ટ: ભારતની પહેલ પર ગ્રોથ એન્ડ ડેવલપમેન્ટ ટાસ્ક ફોર્સની સ્થાપના, વિકાસ મોડેલો, ડિજિટલ ટ્રાન્સફોર્મેશન, એઆઈ અને વિકાસ નાણાકીય ક્ષેત્રે સહયોગ માટે એક પ્લેટફોર્મ.
- બ્રિક્સ-એનડીબી નોલેજ પોર્ટલ: ભારતની અધ્યક્ષતા હેઠળ બ્રિક્સ-NDB નોલેજ પોર્ટલ શરૂ, વિકાસના અનુભવો, શ્રેષ્ઠ પ્રથાઓ અને નીતિગત નવીનતાઓ માટે એક સહિયારું પ્લેટફોર્મ.
- ડિજિટલ જાહેર માળખાગત સુવિધા: બ્રિક્સ દેશો માટે ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર રિપોઝીટરી અને ડીપીઆઈ સોલ્યુશન્સના પાયલોટ પ્રોજેક્ટ્સ શરૂ કરવાનો પ્રસ્તાવ.

બનાવવામાટે બ્રિક્સ પેમેન્ટ્સ ટાસ્ક ફોર્સના પ્રયાસોને આગળ વધારવા પર પણ સંમતિ વ્યક્ત કરવામાં આવી હતી. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પરના ઘોષણાપત્રમાં તેને આર્થિક અને સાતત્યપૂર્ણ વિકાસ માટે એક મુખ્ય તક તરીકે સ્વીકારવામાં આવી, સાથે જ સલામતી, સમાવેશકતા અને વિશ્વસનીયતા સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. સભ્ય દેશોએ ફેબ્રુઆરી 2026 માં ભારત દ્વારા આયોજિત એઆઈ ઈમ્પેક્ટ સમિટ કાર્યક્રમના




- AI સહયોગ: આર્થિક વિકાસ અને ટકાઉ વિકાસ માટે AI ને એક મહત્વપૂર્ણ સાધન તરીકે ઓળખીને, સલામત, સમાવિષ્ટ, વિશ્વસનીય અને સુલભ AI માટે આંતરરાષ્ટ્રીય સહયોગ પર ભાર મૂકે છે. ભારતના AI ઈમ્પેક્ટ શિખર સંમેલન 2026 નું સ્વાગત.
- NIMHANS સાથે માનસિક સ્વાસ્થ્ય પર સંશોધન અને નીતિ સહયોગ માટેનું એક મંચ, બ્રિક્સ સેન્ટર્સ ઓફ એક્સેલન્સ નેટવર્કના સંયોજક તરીકે NIMHANS ને સમાવવા માટે સમર્થન.
- જટિલ ખનિજો: મહત્વપૂર્ણ ખનિજો માટે સંસાધન સમૃદ્ધ દેશોમાં વિશ્વસનીય, વૈવિધ્યસભર અને સ્થિતિસ્થાપક પુરવઠા શૃંખલાઓ અને મૂલ્યવર્ધન પર ભાર.
- ચેન્નાઈ સર્વસંમતિ અને વિજ્ઞાન ભંડાર: ચેન્નાઈ સર્વસંમતિ સંયુક્ત ઘોષણાપત્રનું સ્વાગત, બ્રિક્સ વિજ્ઞાન અને સંશોધન ભંડાર અને અનાજ કેન્દ્રો પ્રત્યે સહકાર.
- સૌર ફોટોવોલ્ટેઈક સહયોગ: બ્રિક્સ સૌર ફોટોવોલ્ટેઈક સહયોગ રોડમેપ વિકસાવવા માટે સમર્થન; ટેકનોલોજી, નાણાં અને ક્ષમતા નિર્માણમાં સહયોગ.
- ઈન્ડિયા સેન્ટર ફોર બ્રિક્સ ઈન્ડસ્ટ્રીયલ કમ્પીન્ટન્સી: ઈન્ડિયા સેન્ટર ફોર બ્રિક્સ ઈન્ડસ્ટ્રીયલ કમ્પીન્ટન્સી (ICBIC)ની સ્થાપનાનું સ્વાગત છે.
- બ્રિક્સ એસએમઈ ફોરમ, આગ્રા: ભારતની અધ્યક્ષતામાં પ્રથમ બ્રિક્સ એસએમઈ ફોરમ આગ્રામાં યોજાયો હતો, જેમાં MSMEs માટે નાણાકીય અને ટેકનોલોજીની પહોંચ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.
- બ્રિક્સ ઈન્ક્યુબેટર નેટવર્ક: બ્રિક્સ ઈન્ક્યુબેટર્સ નેટવર્કની સ્થાપના અને બ્રિક્સ સ્ટાર્ટઅપ ઈનોવેશન ફંડના વધુ વિચારણાનું સ્વાગત.
- કર સહકાર: ભારતની અધ્યક્ષતામાં બ્રિક્સ કર અધિકારીઓને ટેકો આપવા માટે નવા કાર્યકારી જૂથો; ટેક્સ સપોર્ટ નેટવર્ક અને ટેક્સ ક્રોસ-લર્નિંગ લેબ પહેલ.
- મહિલાઓની ડિજિટલ ક્ષમતાનું નિર્માણ: બ્રિક્સ મહિલા ડિજિટલ ક્ષમતા નિર્માણ માર્ગદર્શિકાનું સ્વાગત, ભારતની પહેલ પર મહિલા સશક્તિકરણ માટે શ્રેષ્ઠ પ્રથાઓનો ડિજિટલ ભંડાર,.
- પરંપરાગત અને સ્વદેશી જ્ઞાન: ભારતની પહેલ પરંપરાગત અને સ્વદેશી જ્ઞાન પ્રણાલીઓમાં શૈક્ષણિક સહયોગ માટેના માર્ગદર્શક સિદ્ધાંતોનું સ્વાગત.
- શિક્ષણ અને કૌશલ્ય: શિક્ષણ, ડિજિટલ સાક્ષરતા, કૌશલ્ય વિકાસ અને કાર્યબળની તૈયારીને મજબૂત બનાવવા પર ભાર, બ્રિક્સ-TCA ને સહયોગ માટે એક પ્લેટફોર્મ તરીકે ગણવામાં આવ્યું.
- બ્રિક્સ કનેક્ટ: બ્રિક્સ કનેક્ટ માટે ક્ષમતા નિર્માણ, રોજગાર ક્ષમતા અને નવી ટેકનોલોજી/કૌશલ્ય માટે અપનાવવામાં આવેલ; દૂરસ્થ રોજગાર માટે આંતરરાષ્ટ્રીય ડિજિટલ પ્લેટફોર્મની પહેલ.
- બ્રિક્સ રિમોટ સેન્સિંગ સેટેલાઈટ કોન્સ્ટેલેશન: રિમોટ સેન્સિંગ સેટેલાઈટ કોન્સ્ટેલેશનની સિદ્ધિઓનું સ્વાગત, બ્રિક્સ સ્પેસ કાઉન્સિલ તરફ પ્રગતિ અને નવી સ્પેસ એજન્સીઓનો સમાવેશ કરવાની દિશામાં પ્રગતિ.

સફળ આયોજન બદલ અભિનંદન પાઠવ્યા.

સૌથી રસપ્રદ રહ્યા હતા પ્રધાનમંત્રી મોદીના ત્રણ પ્રસ્તાવો, જે તેમણે વૈશ્વિક શાસન પરના સત્ર દરમિયાન રજૂ કર્યા. તેમણે વૈશ્વિક શાસન માળખાની રચનાની સરખામણી એક એવા પિરામિડ સાથે કરી, જેના ઉપલા ભાગમાં સત્તા કેન્દ્રિત છે, જ્યારે નીચલા ભાગમાં એવા દેશો છે જે નિર્ણયોથી પ્રભાવિત




- માહિતી ટેકનોલોજી અને સાયબર ક્રાઈમ: સુરક્ષિત, સ્થિર, ઈન્ટરઓપરેબલ ICT વાતાવરણ પર ભાર, સાયબર ક્રાઈમ સામે યુએન કન્વેન્શનના અમલીકરણની દિશામાં સહકાર.
- સાયબર સુરક્ષા અને ડીપફેક્સ: સાયબર ક્રાઈમ, ખોટી માહિતી, દ્વેષપૂર્ણ ભાષણ અને ડીપફેક જેવા ડિજિટલ પડકારોનો સામનો કરવા માટે સહયોગ.
- સ્થાનિક ચલણમાં ચુકવણી: બ્રિક્સ દેશો વચ્ચે સરહદ પાર ચુકવણું ઝડપી, ઓછી કિંમતવાળું, સુરક્ષિત અને સુલભ બનાવવાના પ્રયાસો, સ્થાનિક ચલણમાં વેપાર સમાધાન પર ચર્ચાઓ ચાલુ.
- સમાધાન અને ડિપોઝિટરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર: સેટલમેન્ટ અને ડિપોઝિટરી સિસ્ટમ્સ પર ટેકનિકલ વર્કશોપ પછી જ્ઞાન અને અનુભવની વહેંચણી પર સહયોગ.
- MSMEs માટે ઈન્વોઈસ ડિસ્કાઉન્ટિંગ: જયપુર સર્વસંમતિ હેઠળ બ્રિક્સમાં ઈન્વોઈસ ડિસ્કાઉન્ટિંગ મિકેનિઝમ સ્થાપિત કરવા માટે અભ્યાસ, જેનો ઉદ્દેશ્ય MSMEs ને કાર્યકારી મૂડી પૂરી પાડવાનું લક્ષ્ય.
- વૈશ્વિક મૂલ્ય શૃંખલાઓ: બ્રિક્સ વૈશ્વિક મૂલ્ય શૃંખલાઓને લવચીક અને સમાવેશી બનાવવા વિકાસશીલ દેશોને ઉચ્ચ-મૂલ્ય ધરાવતા ક્ષેત્રોમાં પ્રોત્સાહન આપવા પર ભાર.
- બ્રિક્સ અનાજ વિનિમય: બ્રિક્સમાં અનાજ વેપાર પ્લેટફોર્મ/બ્રિક્સ ગ્રેન એક્સચેન્જ સ્થાપિત કરવાની પહેલ પર વધુ ચર્ચા, કૃષિ ઉત્પાદનો અને કોમોડિટીઝમાં વિસ્તરણની શક્યતા.
- બ્રિક્સ એગ્રિન: કૃષિ ઈનપુટ્સ, આનુવંશિક સંસાધનો અને માહિતી માટે બ્રિક્સ AGRIN સ્થાપિત કરવા સંમત થયા; બીજ પ્રણાલીઓમાં ખેડૂતોના અધિકારો પર વૈશ્વિક પ્લેટફોર્મનું સ્વાગત.
- ઊર્જા સુરક્ષા: ઊર્જા સુરક્ષા, સ્થિર ઊર્જા બજારો અને સ્થિતિસ્થાપક ઊર્જા માળખા પર ભાર; બ્રિક્સ યુવા ઊર્જા શિખર સંમેલનનું સ્વાગત.
- સ્માર્ટ ગ્રીડ અને ઊર્જા સંગ્રહ: બ્રિક્સ સ્માર્ટ ગ્રીડ અને એનર્જી સ્ટોરેજ ગાઈડિંગ પ્રિન્સિપલ્સનું સ્વાગત, સ્માર્ટ ગ્રીડ્સ અને ડિજિટલ સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર એનર્જી સ્ટોરેજની પહેલ.
- જળવાયુ પરિવર્તન અને પેરિસ કરાર: વિકાસશીલ દેશો માટે પેરિસ કરારના સંપૂર્ણ અમલીકરણ, અનુકૂલન, નુકસાન-ઘટાડો અને આબોહવા ધિરાણ પર ભાર.

તો થાય છે, પરંતુ તેને આકાર આપી શકતા નથી. તેમણે આ "પિરામિડ ઓફ પ્રિવિલેજીસ" ને "પ્લેટફોર્મ ઓફ પાર્ટનરશિપ" માં રૂપાંતરિત કરવાનું આહ્વાન કરતાં, તેમણે પ્રતિનિધિત્વ, જવાબદારી અને નિયમ-નિર્માણના ત્રણ સ્તંભો પર આધારિત બ્રિક્સ રિફોર્મ રોડમેપનો પ્રસ્તાવ મૂક્યો. તેમણે બ્રિક્સની સાતત્યતા જાળવવા માટે "બ્રિક્સ કન્ટિન્યૂટી એન્ડ ઈમ્પ્લિમેન્ટેશન મેકેનિઝમ" નો પણ પ્રસ્તાવ મૂક્યો. જેથી દર વર્ષે બદલાતા અધ્યક્ષપદ છતાં નિર્ણયો પર દેખરેખ અને તેના અમલમાં ખલેલ ના પહોંચે. આ ઉપરાંત, તેમણે સમુદ્રી યાત્રીઓની સલામતી માટે 'સીફેરર્સ ઈમરજન્સી સપોર્ટ નેટવર્ક' સ્થાપિત કરવાનું પણ સૂચન કર્યું. ઘોષણાપત્રના અંતે, સભ્ય દેશોએ 2026 માં ભારતની અધ્યક્ષતા અને નવી દિલ્હીમાં સમિટના સફળ આયોજન માટે ભારત સરકાર અને લોકોનો આભાર વ્યક્ત કર્યો અને 2027 માં અધ્યક્ષતા અને 19મી સમિટના આયોજન માટે ચીનને સંપૂર્ણ ટેકો આપ્યો.




- **બ્રિક્સ કાર્બન માર્કેટ ભાગીદારી:** બ્રિક્સ કાર્બન બજાર ભાગીદારી દ્વારા કાર્બન બજારોમાં સહયોગ, ક્ષમતા નિર્માણ અને અનુભવની વહેંચણીને સમર્થન.
- **આંતરરાષ્ટ્રીય બિગ કેટ્સ એલાયન્સ:** ભારતનું આંતરરાષ્ટ્રીય બિગ કેટ્સ એલાયન્સ બનાવવાની પહેલનો ઉલ્લેખ અને મોટી બિલાડીઓના સંરક્ષણમાં બ્રિક્સ દેશો વચ્ચે સહયોગ માટે હાકલ.
- **આપત્તિ વ્યવસ્થાપન:** આપત્તિ જોખમ ઘટાડવા માટે સહયોગ, આપત્તિ વ્યવસ્થાપન પ્રારંભિક ચેતવણી ડેટા એકીકરણ માર્ગદર્શિકા અને આબોહવા-સ્થિતિસ્થાપક શહેરી માળખા માટે સ્વૈચ્છિક સિદ્ધાંતોનું સ્વાગત.
- **ટકાઉ પરિવહન:** ટકાઉ ઉડ્ડયન ઈંધણ, ટ્રાન્સપોર્ટ ડીકાર્બનાઈઝેશન અને બ્રિક્સ અર્બન મોબિલિટી હબની સ્થાપનાનું સ્વાગત છે; લોજિસ્ટિક્સ સપ્લાય-ચેઈન કોઓપરેશન ફ્રેમવર્ક પણ સામેલ છે.
- **શહેરીકરણ મંચ:** નવી દિલ્હીમાં બ્રિક્સ અર્બનાઈઝેશન ફોરમ અને મંત્રી સ્તરીય ઘોષણાનું સ્વાગત, બ્રિક્સ અર્બન રિસર્ચ એન્ડ નોલેજ નેટવર્કની સ્થાપના.
- **આરોગ્ય અને ક્ષય રોગ:** સાર્વત્રિક આરોગ્ય કવરેજ પર સહયોગ; ટીબી સંશોધન, વહેંચાયેલ ટેકનોલોજી અને સંકલિત પ્રારંભિક ચેતવણી પ્રણાલીઓ માટે સમર્પિત પેટા-કાર્યકારી જૂથોની સ્થાપના.
- **નવી વિકાસ બેંક:** NDB ની ભૂમિકાને મજબૂત બનાવવી, સ્થાનિક ચલણ ધિરાણ વધારવા, ભંડોળ સ્ત્રોતોમાં વૈવિધ્યકરણ અને ગ્લોબલ સાઉથમાં માળખાગત રોકાણને પ્રોત્સાહન આપવા પર ભાર.
- **ભારતનું પ્રમુખપદ અને ચીનને સમર્થન:** બ્રિક્સે ભારતની 2026 ની અધ્યક્ષતાની પ્રશંસા કરી અને નવી દિલ્હી શિખર સંમેલનનું આયોજન કરવા બદલ ભારતનો આભાર માન્યો. 2027 ની બ્રિક્સ અધ્યક્ષતા અને શિખર સંમેલન માટે ચીનને સંપૂર્ણ સમર્થન આપ્યું.

### ત્રીસ શહેરો, ચારસો બેઠકો, નવ મહિનાનું મહામંથન

1 જાન્યુઆરી, 2026ના રોજ અધ્યક્ષપદ સંભાળ્યા પછી, ભારતે આખા વર્ષ દરમિયાન એક સુનિયોજિત કેલેન્ડર સાથે કામ કરવાનું શરૂ કર્યું. ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો હતો કે બ્રિક્સ સહયોગ ફક્ત સમિટના બે દિવસ પૂરતો મર્યાદિત ન રહે, પરંતુ દરેક મંત્રાલય, દરેક ક્ષેત્ર અને દરેક વર્ગ સુધી પહોંચે. સમગ્ર વર્ષ દરમિયાન દેશના ત્રીસથી વધુ શહેરોમાં ચારસોથી વધુ બેઠકો અને કાર્યક્રમો યોજાયા, જેમાં મંત્રી સ્તરની બેઠકોથી લઈને કાર્યશાળાઓ, મંચો અને પરિષદોનો સમાવેશ થાય છે. શિખર સંમેલનના થોડા સમય પહેલાના અઠવાડિયામાં મંત્રી સ્તરની બેઠકોએ અધ્યક્ષીય પદની દિશા નક્કી કરી. ચેન્નાઈમાં આયોજિત 14મી બ્રિક્સ વિજ્ઞાન મંત્રી સ્તરની બેઠકમાં "ચેન્નાઈ ઘોષણા"ને મંજૂરી આપવામાં આવી, જેમાં કૃત્રિમ બુદ્ધિ, ક્વોન્ટમ ટેકનોલોજી



અને બાયોટેકનોલોજી જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારવા અને બ્રિક્સ વિજ્ઞાન અને સંશોધન ભંડાર બનાવવા પર સર્વસંમતિ વ્યક્ત કરવામાં આવી હતી. 7 ઓગસ્ટના રોજ ભુવનેશ્વરમાં યોજાયેલી 13મી શિક્ષણ મંત્રીઓની બેઠકમાં, પ્રાથમિક શિક્ષણ અને મૂળભૂત સાક્ષરતામાં સુધારો કરવા સાથે, શિક્ષણમાં કૃત્રિમ બુદ્ધિમત્તાના નૈતિક ઉપયોગ પર સર્વસંમતિ સધાઈ હતી. 18 ઓગસ્ટના રોજ નવી દિલ્હીમાં યોજાયેલી 12મી પર્યાવરણ મંત્રીઓની બેઠકમાં, ભારતે ટકાઉ જીવનશૈલી, વનીકરણ, ગતિશીલ અર્થતંત્ર અને જળવાયુ અનુકૂલન ચાર પ્રાથમિકતાઓ તરીકે રજૂ કરી. 21 ઓગસ્ટના રોજ જયપુરમાં યોજાયેલી પ્રવાસન મંત્રીઓની બેઠકમાં, “જયપુર ઘોષણા” અપનાવવામાં આવી હતી. 22 ઓગસ્ટના રોજ વિશાખાપટ્ટનમમાં યુવા મંત્રીઓની એક બેઠક યોજાઈ હતી, જ્યાં પ્રતિનિધિઓએ “એક પેડ મા કે નામ” અભિયાનના ભાગ રૂપે વૃક્ષારોપણ પણ કર્યું હતું.

આરોગ્ય ક્ષેત્રમાં, 23 જુલાઈના રોજ ચંદીગઢમાં મળેલી 16મી બ્રિક્સ આરોગ્ય મંત્રીઓની બેઠક ખાસ કરીને મહત્વપૂર્ણ હતી, જ્યાં સાર્વત્રિક આરોગ્ય કવરેજ, ક્ષય રોગ નાબૂદી અને રોગચાળા માટે પ્રારંભિક ચેતવણી પ્રણાલીઓ પર સર્વસંમતિ સધાઈ હતી, અને નિમહાન્સ (NIMHANS) સાથે સંકલનમાં માનસિક સ્વાસ્થ્ય પર એક નવું નેટવર્ક સ્થાપિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ઇન્દોરમાં કૃષિ મંત્રીઓની બેઠકમાં ખેડૂત-કેન્દ્રિત

> **“ ટેકનોલોજી અને ક્રિટિકલ મિનરલ્સનું weaponization આપણી સહિયારી પ્રગતિને અવરોધી શકે છે. તેથી, અમે ટેકનોલોજીના એડોપ્શનમાં inclusivity પર ભાર મૂક્યો છે.**
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

બ્રિક્સ કૃષિ (કૃષિ-ઈનપુટ, આનુવંશિક સંસાધનો અને માહિતી નેટવર્ક) પ્લેટફોર્મ સ્થાપના બાબતે સંમતિ સધાઈ. કોચીમાં મહિલા મંત્રી સ્તરીય બેઠક, ભોપાલમાં સંસ્કૃતિ મંત્રીઓની બેઠક (જ્યાં 'ભોપાલ ઘોષણાપત્ર' અપનાવવામાં આવ્યું હતું), નાગપુરમાં પરિવહન મંત્રીઓની બેઠક અને આગ્રામાં પ્રથમ બ્રિક્સ લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંચ, આ બધાએ દર્શાવ્યું કે ભારતનું અધ્યક્ષપદ કેટલું વ્યાપક અને સર્વસમાવેશક રહ્યું છે.

11 સપ્ટેમ્બરના રોજ નવી દિલ્હીમાં આયોજિત બ્રિક્સ બિઝનેસ ફોરમ 2026, અત્યાર સુધીનું સૌથી મોટું બ્રિક્સ બિઝનેસ ફોરમ હતું. ફોરમને સંબોધતા, પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે છેલ્લા વીસ વર્ષમાં વૈશ્વિક જીડીપી

> **અમારું માનવું છે કે BRICS માં વિકસિત solutions ના ફાયદા ફક્ત બ્રિક્સ પૂરતા મર્યાદિત ન હોવા જોઈએ. તેને ગ્લોબલ સાઉથની જરૂરિયાતોને અનુરૂપ adaptable અને accessible બનાવવા જોઈએ.**
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

લગભગ અઢી ગણું વધ્યું છે, જ્યારે બ્રિક્સ દેશોનું સંયુક્ત જીડીપી સાડા ચાર ગણું વધ્યું છે. એટલે કે બ્રિક્સની આર્થિક તાકાત વિશ્વની ગતિ કરતાં લગભગ બમણી ગતિએ વધી છે. ભારતના બે લાખ+ સ્ટાર્ટઅપ્સ અને 2120+ યૂનિકોર્ન, યુપીઆઈ જેવી ડિજિટલ જાહેર માળખાગત સુવિધાઓ અને 2014થી લગભગ 40 દેશો સાથે હસ્તાક્ષર કરાયેલા મુક્ત વેપાર કરારોનો ઉલ્લેખ કરીને, તેમણે બ્રિક્સ બિઝનેસ કાઉન્સિલને દર વર્ષે વેપાર અવરોધો પર એક અહેવાલ તૈયાર કરવા, સો સ્ટાર્ટઅપ્સને અન્ય બજારોમાં વિસ્તરણ કરવામાં મદદ કરવા અને વ્યવસાયો વચ્ચે એક હજાર નવી ભાગીદારી વિકસાવવા આગ્રહ કર્યો.

## મંચથી મુલાકાત સુધી, પીએમ મોદીની સક્રિય કૂટનીતિ

શિખર સંમેલનની સાથે, પ્રધાનમંત્રી મોદીએ અનેક દ્વિપક્ષીય બેઠકો દ્વારા વિશ્વ નેતાઓ સાથે વધુ સારું સંકલન પણ સ્થાપિત કર્યું, જેણે ભારતના અધ્યક્ષ પદને વધુ અર્થપૂર્ણ બનાવ્યું. 12 સપ્ટેમ્બરના રોજ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથેની તેમની મુલાકાતમાં, બંને નેતાઓએ ઓગસ્ટ 2025ની તિયાનજિન સમિટ પછી દ્વિપક્ષીય સંબંધોમાં થયેલી પ્રગતિનું સ્વાગત કર્યું. પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો કે બંને પક્ષોએ પરસ્પર આદર, પરસ્પર સંવેદનશીલતા અને પરસ્પર હિતના ત્રણ 'પરસ્પરતા' દ્વારા માર્ગદર્શન મેળવવું જોઈએ, અને સરહદી વિસ્તારોમાં શાંતિ અને સ્થિરતાને દ્વિપક્ષીય સંબંધોના સતત વિકાસનો પાયો ગણાવ્યો.

13 સપ્ટેમ્બરના રોજ, પ્રધાનમંત્રીએ કઝાકિસ્તાનના રાષ્ટ્રપતિ કાસિમ-જોમાર્ટ તોકાયેવ સાથે મુલાકાત કરી અને રાજકીય, વેપાર, સંરક્ષણ, ઊર્જા અને મહત્વપૂર્ણ ખનિજો સહિત અનેક ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગની સમીક્ષા કરી. તે જ દિવસે યુગાન્ડાના ઉપરાષ્ટ્રપતિ જેસિકા રોઝ એપલ અલુપો સાથેની તેમની મુલાકાતમાં, પ્રધાનમંત્રીએ યુગાન્ડાના વિઝન 2040 માટે ભારતના સમર્થનની પુષ્ટિ કરી, જ્યારે નાઈજીરીયાના ઉપરાષ્ટ્રપતિ કાશિમ શેત્તિમા મુસ્તફા સાથેની તેમની વાતચીતમાં, તેમણે વેપાર, ઊર્જા, કૃષિ અને ડિજિટલ ટેકનોલોજી સહિતના મુખ્ય ક્ષેત્રોમાં ભારત-નાઈજીરીયા વ્યૂહાત્મક ભાગીદારીને



18મા બ્રિક્સ શિખર સંમેલનનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.




વધુ મજબૂત બનાવવા પર સંમતિ વ્યક્ત કરવામાં આવી હતી.

દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સિરિલ રામાફોસા સાથેની તેમની મુલાકાતમાં, પ્રધાનમંત્રી મોદીએ દક્ષિણ આફ્રિકાથી ભારતમાં ચિત્તાઓના સફળ સ્થળાંતરની નોંધ લીધી અને દક્ષિણ આફ્રિકાને આંતરરાષ્ટ્રીય બિગ કેટ એલાયન્સમાં જોડાવા માટે આમંત્રણ આપ્યું. આફ્રિકન યુનિયનના અધ્યક્ષ અને બુરુન્ડીના રાષ્ટ્રપતિ, એવેરિસ્ટ નદાયિશિમયે સાથેની તેમની વાતચીતમાં, બંને નેતાઓએ ચોથી ભારત-આફ્રિકા ફોરમ સમિટના આયોજન અંગે ચર્ચા કરી, અને પ્રધાનમંત્રીએ ઈબોલા વાયરસનો સામનો કરવામાં આફ્રિકન યુનિયનના નેતૃત્વની પ્રશંસા કરી.

આ બધી બેઠકોમાં એક સમાન સૂર હતો- ગ્લોબલ સાઉથનો અવાજ વધારવાનો અને બહુધ્રુવીય, સમાવિષ્ટ આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા તરફ સાથે મળીને કામ કરવાનો ભારતનો આગ્રહ. આ સૂર હતો જેણે શિખર સંમેલનના ઔપચારિક સત્રોને દ્વિપક્ષીય રાજદ્વારીની હૂંફ સાથે જોડ્યા.

આ દ્વિપક્ષીય બેઠકો બાદ, ઘણા નેતાઓએ ભારતના આતિથ્યસત્કારની પ્રશંસા કરી. દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સિરિલ રામાફોસાએ સમિટના ઉષ્માભર્યા આતિથ્ય અને સફળ આયોજન માટે પ્રધાનમંત્રી મોદીનો આભાર માન્યો. નવી દિલ્હી ઘોષણામાં, બધા સભ્ય દેશોએ 2026માં ભારતના પ્રમુખપદની સામૂહિક રીતે પ્રશંસા કરી અને નવી દિલ્હીમાં 18મા શિખર સંમેલનના સફળ આયોજન માટે ભારત સરકાર અને ભારતના લોકોનો આભાર માન્યો.

> ***ગ્લોબલ સાઉથ વૈશ્વિક કટોકટીનો સામનો કરવાના મામલામાં સૌથી આગળની હરોળમાં છે પણ નિર્ણય લેવાની પ્રક્રિયામાં સૌથી પાછળ. આપણે "પિરામિડ ઓફ પ્રિવિલેજ" ને "પ્લેટફોર્મ ઓફ પાર્ટનરશિપ" માં બદલવું પડશે.***
>
> ***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

**નમસ્તેનો નાદ: સંસ્કૃતિ સાથે જોડાયો બ્રિક્સ પરિવાર**

પોતાના અધ્યક્ષપદ દરમિયાન, ભારતે આર્થિક અને રાજકીય મુદ્દાઓ જેટલું જ સાંસ્કૃતિક આદાનપ્રદાનને મહત્વ આપ્યું. ભોપાલમાં આયોજિત 11મી બ્રિક્સ સંસ્કૃતિ મંત્રીઓની બેઠકમાં અપનાવવામાં આવેલ ભોપાલ ઘોષણાપત્રમાં સાંસ્કૃતિક વારસાનું રક્ષણ, સંગ્રહાલયો અને આર્કાઈવ્સ વચ્ચે સહકાર અને કલાકારો માટે એક સામાન્ય રજિસ્ટ્રી બનાવવા જેવી પહેલો પર સંમતિ દર્શાવવામાં આવી હતી. વધુમાં, બ્રિક્સ સંસ્કૃતિ મહોત્સવ, થિયેટર મહોત્સવ અને ફિલ્મ મહોત્સવના આયોજને સભ્ય દેશોની સાંસ્કૃતિક વિવિધતાને એક પ્લેટફોર્મ પૂરું પાડ્યું. બ્રિક્સ સહકારના વીસ વર્ષને યાદગાર બનાવવા માટે, 12 સપ્ટેમ્બર, 2026ના રોજ નવી દિલ્હીમાં બે સ્મારક ટપાલ ટિકિટ પણ બહાર પાડવામાં આવી- 'બ્રિક્સ: સહયોગના બે દશક, 2006-2026'. પહેલી ટિકિટ પરસ્પર આદર અને એકતાના પ્લેટફોર્મ તરીકે બ્રિક્સના



ઉદભવને પ્રતિબિંબિત કરે છે, જ્યારે બીજી ટપાલ ટિકિટમાં 'માનવતા પ્રથમ' અને 'લોક-કેન્દ્રિત' દ્રષ્ટિકોણ અને ભારતના અધ્યક્ષપદનો લોગો દર્શાવવામાં આવ્યો છે.

આ વૈશ્વિક પરિષદ દરમિયાન, ભારતે વિદેશી મહેમાનોને સ્થાનિક સંસ્કૃતિ અને કલાને લગતા સ્મૃતિચિહ્નો પણ ભેટ આપ્યા. જેમાં ખાસ કરીને વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ (ઓડીઓપી) પહેલ હેઠળ ડિઝાઈન કરવામાં આવેલી પશ્મીના શાલ, વારાણસીના સિલ્ક બ્રોકેડ, કન્નૌજના અત્તર, રાજસ્થાની મીનાકારી અને ખાદી ઉત્પાદનો સ્મૃતિ ચિહ્ન ભેટ આપવામાં આવ્યા.

### યુવા જોશ, નારી નેતૃત્વ બન્યું બ્રિક્સનો માનવીય ચહેરો

ભારતના અધ્યક્ષપદની એક મુખ્ય વિશેષતા એ હતી કે તેણે બ્રિક્સ સહયોગને સરકારી ક્ષેત્રની બહાર કાઢી સામાન્ય નાગરિકો, ખાસ કરીને યુવાનો અને મહિલાઓ સુધી પહોંચાડ્યું.

> **ગ્લોબલ ટ્રેડ ત્યારે જ પ્રગતિ કરી શકે છે જ્યારે Sea lanes સિક્યોર હોય, Supply routes open હોય અને Seafarers safe હોય. અને તેથી, ભારત Freedom of Navigation અને Seafarers ની Safety નો મજબૂત સમર્થક છે.**
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

યુવાનોની ભાગીદારી: 22 ઓગસ્ટ 2026ના રોજ વિશાખાપટ્ટનમમાં યોજાયેલી બ્રિક્સ યુવા મંત્રીઓની બેઠકમાં શિક્ષણ, કૌશલ્ય વિકાસ રોજગાર અને યુવા ઉદ્યોગસાહસિકતામાં સહયોગ વધારવા માટે સંમતિ સધાઈ હતી,



સાથે જ યુવાઓની નેતૃત્વ અને નિર્ણય લેવાની પ્રક્રિયાઓમાં અર્થપૂર્ણ ભાગીદારીને પ્રોત્સાહન આપવા પર ભાર મુકવામાં આવ્યો. આ પ્રસંગે, પ્રતિનિધિઓએ "એક પેડ મા કે નામ" અભિયાન હેઠળ વૃક્ષારોપણ પણ કર્યું, જે એક પ્રતીકાત્મક સંકેત છે જે પર્યાવરણીય અને ભાવનાત્મક સંબંધોને જોડે છે. નવી દિલ્હી ઘોષણામાં બ્રિક્સ યુવા પરિષદ અને બ્રિક્સ યુવા સમિટની ભૂમિકાની પણ પ્રશંસા કરવામાં આવી હતી, જેમાં શિક્ષણ, કૌશલ્ય, ઉદ્યોગસાહસિકતા, આરોગ્ય અને પર્યાવરણના ક્ષેત્રોમાં યુવાનોની ભાગીદારી વધારવા માટે હાકલ કરવામાં આવી હતી. તેમાં બ્રિક્સ યુવા સહકાર માળખા પર થયેલી પ્રગતિનું પણ સ્વાગત કરવામાં આવ્યું હતું.

મહિલા નેતૃત્વઃ કોચીમાં બ્રિક્સ મહિલા મંત્રી સ્તરીય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મહિલાઓના નેતૃત્વ હેઠળના વિકાસના વિઝન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું, જેમાં મહિલાઓને આર્થિક વિકાસ અને સામાજિક પરિવર્તન માટે પ્રેરક બળ તરીકે ઓળખવામાં આવી હતી. આ બેઠકમાં બ્રિક્સ મહિલા ડિજિટલ ક્ષમતા નિર્માણ માર્ગદર્શિકાના વિકાસનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ભારતમાં લગભગ 200 મહિલા ઉદ્યોગપતિઓએ બ્રિક્સ મહિલા વ્યાપાર જોડાણ (ડબલ્યૂબીએ) 2026 પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો, જેનો ઉદ્દેશ્ય મહિલાઓના નેતૃત્વ હેઠળના સાહસો માટે નાણાં, બજારો, ટેકનોલોજી અને કૌશલ્ય વિકાસની પહોંચ સુધારવાનો છે.

યુવાનોના ઉત્સાહ અને મહિલાઓના નેતૃત્વનું આ ઉદાહરણ દર્શાવે છે

> **"મહામારીઓ, જળવાયુ સંકટો અને પુરવઠા શૃંખલામાં વિક્ષેપોએ દર્શાવ્યું છે કે આજના એકબીજા સાથે જોડાયેલા વિશ્વમાં, કોઈ પણ કટોકટી કોઈ એક પ્રદેશ સુધી મર્યાદિત નથી. તેથી, અમે બ્રિક્સ જૂથમાં કટોકટીમાંથી બહાર આવવાની ક્ષમતા વધારવા પર વિશેષ ભાર મૂક્યો છે.**
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

કે ભારતની અધ્યક્ષતામાં, બ્રિક્સ ફક્ત રાજદ્વારી અને અર્થશાસ્ત્રનું પ્લેટફોર્મ નથી, પરંતુ તે લાખો લોકો સુધી પહોંચ્યું છે જે આ જૂથનું વાસ્તવિક ભવિષ્ય છે.

ચોક્કસપણે, જ્યારે ભારત સહિત ચાર દેશોએ 20 વર્ષ પહેલાં બ્રિક્સનું સ્વપ્ન જોયું હતું, ત્યારે બહુ ઓછા લોકોએ કલ્પના કરી હશે કે આ જૂથ એક દિવસ વિશ્વની અડધી વસ્તી અને 40 ટકા અર્થતંત્રનું પ્રતિનિધિત્વ કરતું પ્લેટફોર્મ બનશે. 2026 માં ભારતની અધ્યક્ષતામાં 18મી સમિટ, આ યાત્રાનો

## 12 વર્ષોમાં આ મંચો પરથી દુનિયાનો અગ્રીમ અવાજ બન્યું ભારત

- 2016: ભારતે 2016માં બ્રિક્સની અધ્યક્ષતા કરી.
- 2018: ભારતે આંતરરાષ્ટ્રીય થર્મોન્યુક્લિયર પ્રાયોગિક રિએક્ટર (ITER) ની કાઉન્સિલનું 1 જાન્યુઆરી, 2018 ના રોજ બે વર્ષના કાર્યકાળ માટે અધ્યક્ષપદ સંભાળ્યું.
- 2018-2020: ભારતે ISA એસેમ્બલીના પ્રમુખ તરીકે સેવા આપી; ફ્રાન્સ સહ-અધ્યક્ષ હતું.
- 2019: ભારતે કિમ્બર્લી પ્રક્રિયાનું અધ્યક્ષપદ સંભાળ્યું.
- 2019-2020 - (GFDRR): ભારતે આપત્તિ ઘટાડા અને પુનઃપ્રાપ્તિ માટે વૈશ્વિક સુવિધાના સલાહકાર જૂથના સહ-અધ્યક્ષની ભૂમિકા સંભાળી.
- 2020-2021: ભારત WHO એક્ઝિક્યુટિવ બોર્ડની અધ્યક્ષતા કરી; ડૉ. હર્ષ વર્ધન અધ્યક્ષ હતા.
- 2020-2021: ભારતે આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનના સંચાલક મંડળનું પ્રમુખપદ સંભાળ્યું.
- 2020-2022: ભારત અને ફ્રાન્સ ISA એસેમ્બલીના પ્રમુખ અને સહ-પ્રમુખ તરીકે ફરીથી ચૂંટાયા.
- 2021: ભારતે જાન્યુઆરી-ડિસેમ્બર 2021 દરમિયાન બ્રિક્સની અધ્યક્ષતા કરી.
- 2021: ભારતે ઓગસ્ટ 2021 માં યુએનએસસીનું પ્રમુખપદ સંભાળ્યું.
- 2022: ડિસેમ્બર 2022માં ભારતે યુએનએસસીનું પ્રમુખપદ સંભાળ્યું.
- 2022-2023: ભારતે 17 સપ્ટેમ્બર 2022 થી 4 જુલાઈ સુધી 2023 સુધી શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) ની અધ્યક્ષતા કરી.
- 2022-2024: ભારતે આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન સભાનું અધ્યક્ષપદ સંભાળ્યું.
- 2022-2023: ભારતે 1 ડિસેમ્બર 2022 થી 30 નવેમ્બર 2023 સુધી G20 નું પ્રમુખપદ સંભાળ્યું.
- 2023: ભારતે 2023 માં Wassenaar arrangement ની planary Chairmanship સંભાળી. ભારત 2017 માં તેનું સભ્ય બન્યું.
- 2024-2026: ભારત 2024-26 માટે ISA એસેમ્બલીનું પ્રમુખ છે.
- 2024-26: ભારતે 29 મે, 2024 ના રોજ 2024-26 ના કાર્યકાળ માટે પ્રથમ વખત કોલંબો પ્રોસેસનું અધ્યક્ષપદ સંભાળ્યું.
- 2024-2025: ભારતે જુલાઈ 2024માં એશિયન ડિઝાસ્ટર પ્રિપેર્ડનેસ સેન્ટરનું અધ્યક્ષપદ સંભાળ્યું.
- 2026: ભારતે 2026 માટે ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર ડેમોક્રેસી એન્ડ ઈલેક્ટોરલ આસિસ્ટન્સના સભ્ય દેશોની પરિષદનું પ્રમુખપદ સંભાળ્યું.
- 2026: ભારતે 1 જાન્યુઆરી 2026 ના રોજ ચોથી વખત બ્રિક્સનું પ્રમુખપદ સંભાળ્યું.

એક નિર્ણાયક પડાવ સાબિત થઈ છે. એ એવી ક્ષણ બની ગઈ જેને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ "કમિંગ ઓફ એજ" તરીકે વર્ણવી હતી. ભારતના અધ્યક્ષપદ દરમિયાન, બ્રિક્સમાં સપનાઓ સાથે જવાબદારીઓ જોડાઈ, અને સામૂહિક શક્તિને નક્કર, વ્યવહારુ પરિણામોમાં પરિવર્તિત કરી. સમગ્ર વર્ષ દરમિયાન 400થી વધુ બેઠકો, ડઝનબંધ ઘોષણાઓ અને અસંખ્ય પહેલ દ્વારા, ભારતે દર્શાવ્યું કે બ્રિક્સ સહયોગ ફક્ત સરકારો સુધી મર્યાદિત નથી, પરંતુ ખેડૂતો, મહિલાઓ, યુવાનો, ઉદ્યોગસાહસિકો અને સંશોધકો સુધી પણ પહોંચી શકે છે. આતંકવાદ પર સ્પષ્ટ અને મક્કમ વલણ, વૈશ્વિક સંસ્થાઓમાં સુધારાની માંગ અને ગાઝા, સુદાન અને સીરિયા જેવા સંવેદનશીલ મુદ્દાઓ પર સંતુલિત કૂટનીતિ, તેમજ ન્યૂ ડેવલપમેન્ટ બેંક, ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ક્લાયમેટ કોઓપરેશન જેવા ભવિષ્યલક્ષી ક્ષેત્રોમાં નક્કર પહેલો. આ બધાએ નવી દિલ્હી ઘોષણાપત્રને એક સીમાચિહ્ન દસ્તાવેજ બનાવ્યો છે. ભારતની અધ્યક્ષતામાં બ્રિક્સ 2026, ફક્ત એક સફળ સમિટ જ નહીં પરંતુ માનવતા માટે સમન્વય, સંકલન અને સામૂહિક જવાબદારીનું એક અવિસ્મરણીય ઉદાહરણ બની ગયું છે. આ જવાબદારી હવે 2027 માં ચીનને સોંપવામાં આવશે, પરંતુ ભારતે આ વર્ષે સ્થાપિત કરેલા ધોરણો અને વિશ્વાસ આગામી વર્ષોમાં બ્રિક્સની દશા-દિશા નક્કી કરતા રહેશે. ■



# નિર્ણયો અને પડકારો વચ્ચે

# પરિવર્તનની યાત્રા



સ્વતંત્ર ભારતમાં એક ગરીબ પરિવારમાં જન્મેલા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો સેવા કરવાનો સંકલ્પ નવા ભારતનો પાયો બની ગયો છે. રાષ્ટ્રને પોતાના પરિવાર તરીકે માનતા અને ભારતને નવી દિશા આપવા માટે કાર્યરત , પ્રધાનમંત્રી મોદીનો ફક્ત એક જ ધર્મ છે: રાષ્ટ્ર પ્રથમ. તેમની સરકાર પાસે ફક્ત એક જ પવિત્ર ગ્રંથ છે: બંધારણ. તેની પાસે ફક્ત એક જ ભક્તિ છે: ભારત પ્રત્યે ભક્તિ. તેની પાસે ફક્ત એક જ શક્તિ છે: લોકોની શક્તિ. તેની પાસે ફક્ત એક જ સંસ્કૃતિ છે: 140 કરોડ ભારતીયોની સુરક્ષા અને સમૃદ્ધિ. તેમની સરકારનો ફક્ત એક જ મંત્ર છે: સબકા સાથ, સબકા વિકાસ,સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ. પહેલા 13 વર્ષ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે અને હવે 12 વર્ષ પ્રધાનમંત્રી તરીકે, સુશાસનના આ મંત્રને આગળ ધપાવતા, તેઓ રાષ્ટ્રને એક નવી દિશા આપી રહ્યા છે. 7 ઓક્ટોબર, 2001ના રોજ તેમણે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. ત્યારથી, તેમની સતત સેવા અને સમર્પણની યાત્રાના 25 વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે. પ્રસ્તુત છે એક ખાસ અહેવાલ...

ગુજરાતના મુખ્યમંત્રી બન્યા પછી, તેમણે વિકાસનું એક અનોખું મોડેલ બનાવવા માટે કામ કરવાનું શરૂ કર્યું, ખાસ કરીને શાળા શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. જોકે, ગુજરાતના રમખાણોએ તેમના વિરોધીઓને તેમની સામે મોરચો ખોલવાની તક પૂરી પાડી. જોકે, તેઓ આ હુમલાઓથી અવિચળ રહ્યા; તેના બદલે, તેમણે જોશથી કામ કરવાનું ચાલુ રાખ્યું. પરિણામ એ આવ્યું કે તેમના વિરોધીઓ દરેક વખતે હાર્યા. પરંતુ પીએમ મોદીમાં એવી શું ખાસિયત છે જેના લીધે વિરોધીઓ તેમને ઘેરી નથી શકતાં? આ સમજવા માટે, આપણે નરેન્દ્ર મોદીની કાર્યશૈલીની ઊંડાણપૂર્વક તપાસ કરવાની અને તેમની વિચારસરણીને સમજવાની જરૂર છે. હકીકતમાં, જ્યારે પીએમ મોદી કોઈપણ કાર્ય યોજના પર વિચાર કરે છે, ત્યારે તે પરિણામોથી શરૂ થાય છે. એટલે કે, તેઓ દરેક નીતિ, નિવેદન અને યોજનાનો જમીન પર અમલ કરીને તેની અસરને ધ્યાનમાં લે છે. વિચારવાની આ અનોખી રીત તેમને અન્ય રાજકારણીઓથી અલગ પાડે છે. આ વિચારસરણીનું પરિણામ એ છે કે પ્રધાનમંત્રી મોદી કોઈપણ યોજના ત્યારે જ બહાર લાવે છે જ્યારે તે અમલીકરણ માટે સંપૂર્ણપણે તૈયાર હોય.

આ સમયગાળો ફક્ત 25 વર્ષની યાત્રા નથી, પરંતુ સેવા, સુશાસન અને ગરીબોના કલ્યાણનું મિશન છે. આ સમયગાળા દરમિયાન, ગરીબોનું કલ્યાણ, મધ્યમ વર્ગને સશક્ત બનાવવો, મહિલાઓનું સશક્તિકરણ કરવું અને મહિલાઓના નેતૃત્વ હેઠળ વિકાસ કરવો, ખેડૂત-મૈત્રીપૂર્ણ નીતિઓ દ્વારા વાવણીના દરેક તબક્કે ખેડૂતોની ચિંતાઓનું સમાધાન કરવું, યુવાનો માટે શિક્ષણ અને રોજગારની તકો પૂરી પાડવી અને સામાજિક ન્યાય સુનિશ્ચિત કરવો એ રાષ્ટ્રીય વિકાસ માટે અવિસ્મરણીય પહેલ છે. આ 2047 સુધીમાં ભારતને વિકસિત બનાવવાના ધ્યેયનો પાયાનો પથ્થર બની ગયો છે. દરેક યોજના પાછળ પીએમ મોદીના સંઘર્ષની વાર્તા છે, એક પીડા જે તેમણે નજીકથી અનુભવી છે. ગુજરાતના મુખ્યમંત્રીથી પ્રધાનમંત્રી સુધીની તેમની યાત્રાનો સારાંશ આપવા માટે, તેમણે વિકાસને મુખ્ય પ્રવાહમાં લાવ્યો છે અને અન્ય સામાજિક દુષણોનો નાશ કર્યો છે, અને વિકાસ દેશની રાજનીતિ, વ્યૂહરચના અને રાષ્ટ્રીય નીતિનો મુખ્ય આધાર બની ગયો છે.

**ચાલો જાણીએ પ્રધાનમંત્રી મોદીની 25 વર્ષની શાસન યાત્રા વિશે તેમની અનોખી કાર્યશૈલી, કાર્યો અને પરિણામો દ્વારા...**





# 25 પડકારો, 25 વર્ષ એક રાજનેતાની યાત્રા

*આ 25 વર્ષની યાત્રા ફક્ત 25 પડકારોની યાદી નથી. તે કટોકટી વચ્ચે લેવામાં આવેલા નિર્ણયો અને તેના દ્વારા આવતા ફેરફારોની વાર્તા છે. આ યાત્રાનું સૂત્ર છે- કટોકટીને અંત તરીકે નહીં, એક નવા સંકલ્પની શરૂઆત તરીકે જોવી. આ જ ફિલસૂફી સાથે 25 વર્ષથી દેશને આગળ લઈ જઈ રહ્યા છે પ્રધાનમંત્રી મોદી...*

## 1. ગુજરાત સંકટમાં, નવી શરૂઆતની તક

ઓક્ટોબર 2001 માં, નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. રાજ્ય ભૂકંપ, દુષ્કાળ અને સહકારી બેંક સંકટનો સામનો કરી રહ્યું હતું. પુનર્નિર્માણ ઝડપી બનાવવા માટે વરિષ્ઠ અધિકારીઓને કચ્છ મોકલવામાં આવ્યા હતા. ચેકડેમ, નહેર વિસ્તરણ અને જળ સંરક્ષણને પ્રાથમિકતા આપવામાં આવી હતી. 2003 માં, દેશનો પ્રથમ રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન કાયદો ઘડવામાં આવ્યો.

## 2. જ્યારે હિંસાના ચક્રમાંથી મુક્ત થઈ એક આખી પેઢી

ફેબ્રુઆરી 2002 માં ગોધરાકાંડ અને ત્યારબાદ થયેલી હિંસાએ પરિસ્થિતિને વધુ વણસી. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કાયદો અને વ્યવસ્થા, રોકાણ અને રોજગાર પર ધ્યાન કેન્દ્રિત કરીને હિંસાના ચક્રને અટકાવ્યું. છેલ્લાં 24 વર્ષોમાં આવી હિંસા ફરી ક્યારેય નથી થઈ.



## 3. પ્રથમ ચૂંટણી કસોટી, વધુ મજબૂતી મેળવી

2002માં, નરેન્દ્ર મોદીએ વિધાનસભા ભંગ કરી અને 14 મહિનાના કાર્યકાળના આધારે જનાદેશ માંગ્યો. ડિસેમ્બરની ચૂંટણીમાં, ભાજપે 182 બેઠકોમાંથી 127 બેઠકો અને 49.85 ટકા મત મેળવ્યા.

## 4. આતંકવાદના ભય વચ્ચે સ્થિરતા

સપ્ટેમ્બર 2002 માં અક્ષરધામ હુમલો અને જુલાઈ 2008 માં અમદાવાદમાં 70 મિનિટમાં 21 બોમ્બ વિસ્ફોટ. આને સાંપ્રદાયિક હિંસામાં ફેરવવા દેવામાં આવ્યા નહીં, સુરક્ષા મજબૂત બનાવવામાં આવી, અને દિશા યથાવત્ રહી.

## 5. પાણીની અછતથી પાણીની સુરક્ષા સુધી

નર્મદા બંધ પ્રોજેક્ટ જે 1961 માં શરૂ થયો હતો તે દાયકાઓ સુધી અટકી પડ્યો,. 1.8 લાખથી વધુ ચેકડેમ બનાવવામાં આવ્યા, અને સુજલામ સુફલામ અને સૌની યોજનાઓ દ્વારા પાણી પહોંચાડવામાં આવ્યું. 2017 માં, બંધ તેની સંપૂર્ણ ઊંચાઈએ પહોંચ્યો, જેનાથી 9,000 થી વધુ ગામડાંઓ અને 170 શહેરોને પીવાનું પાણી પૂરું પાડવામાં આવ્યું. પાણીની રાહ જોવાને બદલે, ગુજરાતે પાણીથી વિકાસ કરવાનું શરૂ કર્યું.

## 6. પૂર પછી નવી વ્યવસ્થાઓ

2006માં, તાપીના પૂરમાં સુરતનો લગભગ 95 ટકા ભાગ ડૂબી ગયો હતો, ત્યારબાદ ડ્રેનેજ અને ચેતવણી પ્રણાલીઓને મજબૂત બનાવવામાં આવી હતી. આઠ વર્ષ પછી, જમ્મુ અને કાશ્મીરમાં આવેલા પૂર દરમિયાન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી શ્રીનગરની મુલાકાતે ગયા હતા અને બાદમાં દિવાળીની ઉજવણી કરવા ફરીથી ગયા હતા. પ્રતિભાવની રીત એ જ રહી: પરિસ્થિતિને સમજવી, ઝડપથી કાર્ય કરવું અને જમીન પરની જટિલતાઓને દૂર કરવી.





## 7. આરોપો વચ્ચે પરિવર્તનનો દાયકા

2002 પછી, નરેન્દ્ર મોદી પર આરોપ લાગ્યા, પરંતુ તેમણે બદલો લેવાને બદલે પોતાના કામથી જવાબ આપ્યો. 2007 અને 2012માં ગુજરાતે તેમને ફરીથી ચૂંટ્યા.

## 8. પટના બ્લાસ્ટ

27 ઓક્ટોબર 2013 ના રોજ, પટના રેલીની આસપાસ સાત બોમ્બ વિસ્ફોટોમાં છ લોકોના મોત થયા હતા અને 85 લોકો ઘાયલ થયા હતા. વિસ્ફોટો છતાં, નરેન્દ્ર મોદીએ પોતાનું ભાષણ ચાલુ રાખ્યું, રેલી પૂર્ણ કરી અને ભીડને શાંત રહેવાની અપીલ કરી.

## 9. 30 વર્ષ પછી પૂર્ણ બહુમતીવાળી સરકાર

નરેન્દ્ર મોદીએ નવ મહિનામાં લગભગ 400 રેલીઓ કરી અને 3લાખ કિલોમીટરની યાત્રા કરી. 2014માં, ભાજપે 282 બેઠકો જીતી અને 30 વર્ષ પછી પૂર્ણ બહુમતીવાળી સરકાર બની.

## 10. 'ફ્રેજાઇલ ફાઇવ' થી વધુ ઝડપથી વિકસી રહેલું અર્થતંત્ર

2013 માં, ભારત . 'ફ્રેજાઈલ ફાઈવ'માં હતું, જેમાં ફુગાવો 10% ની આસપાસ હતો. ફુગાવાના લક્ષ્યાંક, આઈબીસી અને જીએસટી સુધારાઓને પગલે, અનેક વૈશ્વિક કટોકટી છતાં અર્થતંત્રનો વિકાસ ચાલુ રહ્યો; નાણાંકીય વર્ષ 2027 ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં દર 7.8% પર પહોંચ્યો.

## 11. વ્યવસાય કરવામાં સરળતા

2014 માં ભારત વ્યવસાય કરવાની સરળતામાં 142માં ક્રમે હતું. જીએસટી, ડિજિટલ મંજૂરીઓ, ફ્રેટ કોરિડોર અને આઈબીસી જેવી પહેલોએ 2020 સુધીમાં ભારતને 63મા સ્થાને પહોંચવામાં મદદ કરી.

## 12. બેંકિંગ ક્ષેત્રની સફાઈ

"ફોન બેંકિંગ" અને 'લોન એવર ગ્રીનીંગ જેવી પદ્ધતિઓએ બેંકોની સાચી સ્થિતિ છુપાવી હતી. સંપત્તિ ગુણવત્તા સમીક્ષાઓમાં ખરાબ લોનમાં લગભગ 15% નો વધારો જાહેર થયો. "4R" સુધારાની વ્યૂહરચના અપનાવવામાં આવી. આઈબીસીએ આ વ્યૂહરચનાને મજબૂત બનાવી.

## 13. નક્સલવાદનો અંત

2010ના દાંતેવાડા હુમલામાં 76 સૈનિકો માર્યા ગયા હતા. 2014માં, 126 જિલ્લાઓ નક્સલ પ્રભાવિત હતા. સુરક્ષા કામગીરીની સાથે રસ્તાઓ, શાળાઓ અને બેંકિંગ સુવિધાઓ પણ આવી. મુખ્ય પ્રવાહમાં પાછા ફરતા લોકોની સંખ્યા વાર્ષિક 421 થી વધીને 6,558 થઈ ગઈ. માર્ચ 2026 સુધીમાં, કોઈ પણ જિલ્લો નક્સલ પ્રભાવિત રહ્યો નહીં.

## 14. સાર્વભૌમત્વનું રક્ષણ

2017 માં, ડોકલામમાં ભારતીય અને ચીની દળો 73 દિવસ સુધી આમને-સામને રહ્યા, અને ભારતે પીછેહઠ ન કરી. 2020 માં, ગલવાનમાં પણ સેના અડગ રહી. "રાષ્ટ્ર પ્રથમ" નો પાયો બન્યો.

## 15. જીએસટી: એક દેશ, એક કર વ્યવસ્થા

17 વર્ષના પ્રયાસો જુલાઈ 2017 માં જીએસટી માં પરિણમ્યા. જૂના લેણાંના સમાધાન અને આવક વૃદ્ધિની ખાતરી પર સંમતિ થતાં, દેશ એક સામાન્ય બજાર બન્યો.

## 16. ઉત્તરપૂર્વ અને કાશ્મીર સુધી પહોંચ

સપ્ટેમ્બર 2025માં આઈઝોલ રેલ્વે દ્વારા જોડાયું, ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા લાઈન 28 વર્ષ પછી જૂન 2025માં શરૂ થઈ. ચિનાબ બ્રિજે કાશ્મીર કનેક્ટિવિટીને નવો આધાર આપ્યો.

## 17. ઉત્તરપૂર્વમાં શાંતિ

2019 થી 12 કરારોમાં સ્વાયત્તતા, સહાય અને પુનર્વસનની જોગવાઈ કરવામાં આવી છે. લગભગ 11હજાર ઉગ્રવાદીઓએ તેમના હથિયારો છોડ્યાં, ઘટનાઓમાં 71 ટકાનો ઘટાડો થયો અને એપ્રિલ 2022 માં બોડોલેન્ડમાંથી અફસ્પા હટાવી લેવામાં આવ્યો.







## 18. આતંકવાદ સામે નવી નીતિ

2016ની સર્જિકલ સ્ટ્રાઈક અને 2019ની બાલાકોટ સ્ટ્રાઈક પછી, મે 2025માં ઓપરેશન સિંદૂર દરમિયાન એક જ રાતમાં નવ પાકિસ્તાની સ્થળોને નિશાન બનાવવામાં આવ્યા હતા. નીતિ સ્પષ્ટ થઈ ગઈ હતી કે આતંકવાદી હુમલાઓનો લશ્કરી જવાબ આપવામાં આવશે. આતંકવાદીઓ અને તેમના આશ્રયદાતાઓને અલગથી ગણવામાં આવશે નહીં.

## 19. કલમ 370: એક દેશ, એક બંધારણ

70 વર્ષથી અમલમાં રહેલી કલમ 370, 2019 માં રદ કરવામાં આવી હતી. રાષ્ટ્રપતિનો આદેશ, સંસદીય ઠરાવ અને પુનર્ગઠન કાયદો એક જ દિવસે પસાર કરવામાં આવ્યો હતો. ડિસેમ્બર 2023માં, સુપ્રીમ કોર્ટે આ પ્રક્રિયાને સમર્થન આપ્યું હતું. આ ફેરફાર બાદ, 2024 માં વિધાનસભાની ચૂંટણીઓ યોજાઈ હતી.

## 20. અયોધ્યામાં શ્રીરામ મંદિર

પાંચ સદીની પ્રતિક્ષા પછી, નવેમ્બર 2019 માં સુપ્રીમ કોર્ટના આદેશ બાદ વિવાદિત સ્થળને મંદિર નિર્માણ માટે સોંપવામાં આવ્યું હતું. 22 જાન્યુઆરી, 2024 ના રોજ પ્રાણ પ્રતિષ્ઠા થઈ, અને નવેમ્બર 2025 માં ધર્મધ્વજારોહણ દ્વારા મુખ્ય નિર્માણ પૂર્ણ થયું હતું.

## 21. રેલ્વે ટ્રેકથી ભારતની ગતિ વધી.

2008માં મંજૂર કરાયેલા ફ્રેટ કોરિડોર પર 2014 સુધી એક પણ કિલોમીટરનો ટ્રેક નાખવામાં આવ્યો ન હતો. ત્યારબાદ બાંધકામ અને રોકાણમાં વધારો થયો. માલગાડી પરિવહનનો ખર્ચ 45,000 કરોડ રૂપિયાથી વધુ થયો, જ્યારે શરૂઆતનો ખર્ચ માત્ર 4,000 કરોડ રૂપિયા હતો.

## 22. બે અબજ વેક્સીન ડોઝ

ભારત બાયોટેક-આઈસીએમઆરની કોવેક્સિન અને પુણેમાં કોવિશિલ્ડના ઉત્પાદને જાન્યુઆરી 2021 માં ઝુંબેશને બે અબજ ડોઝ સુધી પહોંચવામાં મદદ કરી. કોવિને વ્યવસ્થા સંભાળી અને ભારતે લગભગ 100 દેશોને વેક્સીન પૂરી પાડી.

## 23. નદીઓની શક્તિ

ડિસેમ્બર 2024 માં કેન-બેતવા પ્રોજેક્ટ શરૂ થયો હતો. તેનો ઉદ્દેશ બુંદેલખંડમાં 11 લાખ હેક્ટર જમીનને સિંચાઈ કરવાનો છે. જળમાર્ગ માલવાહક ટ્રાફિક 2013-14 માં 1.8 કરોડ ટનથી વધીને 2024-25 માં 14.5 કરોડ ટન થયો. એપ્રિલ 2025 માં પહેલગામ હુમલા પછી સિંધુ જળ સંધિ સ્થગિત કરવામાં આવી.

## 24. રુસ-યુક્રેન યુદ્ધ

ફેબ્રુઆરી 2022 યુદ્ધ પછીના ત્રણ અઠવાડિયામાં ઓપરેશન ગંગા દ્વારા 90 ફ્લાઈટમાં 22,500 ભારતીયોને બહાર કાઢવામાં આવ્યા. રશિયન ક્રૂડ ઓઈલનો હિસ્સો 2 ટકાથી વધીને એક તૃતીયાંશ થયો, છતાં ફુગાવો બે આંકડાથી નીચે રહ્યો.

## 25. પશ્ચિમ એશિયામાં યુદ્ધ

28 ફેબ્રુઆરી, 2026 પછી હોર્મુઝ બંધ થવાથી ઊર્જા પુરવઠા પર દબાણ વધ્યું, કારણ કે અડધું ક્રૂડ તેલ આ માર્ગે આવતું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેહરાન અને વોશિંગ્ટન બંને સાથે વાત કરી. આયાત ટેરિફ ઘટાડા અને સતત પુરવઠાને કારણે અર્થતંત્ર 7.8 ટકાના દરે વધ્યું.



“

**આજે આતંકવાદ ફેલાવનારાઓ પરસ્ત થઈ ગયા છે. જો પાકિસ્તાન કોઈ નાપાક કૃત્ય કરે છે, તો ભારતીય દળો તેમના ઘરોમાં ઘૂસીને હુમલો કરે છે. જમ્મુ અને કાશ્મીરથી ઉત્તરપૂર્વ સુધી શાંતિ વધી છે. માઓવાદી આતંકવાદ અને નક્સલવાદને કચડી નાખવામાં આવ્યા છે.**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**



# સુધારાઓ: ભારતના શાસનમાં સુધારાઓનો યુગ

*પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની 25 વર્ષની સુશાસન યાત્રાએ ભારતમાં સુધારાના નવા યુગની શરૂઆત કરી છે. આ સમયગાળામાં ગુજરાતથી કેન્દ્ર સરકાર સુધી, શાસનના વિવિધ ક્ષેત્રોમાં સંસ્થાકીય ફેરફારો જોવા મળ્યા, યોજનાઓ, પ્રક્રિયાઓ અને કાર્ય કરવાની રીતોમાં પરિવર્તન આવ્યું. પાણીથી બેંકિંગ, કરવેરાથી શ્રમ, શિક્ષણથી અવકાશ અને કાયદાથી સામાજિક સુધારણા સુધી, આ પહેલોએ શાસનની કામ કરવાની પદ્ધતિમાં પરિવર્તનને કેન્દ્રમાં રાખ્યું...*

## ગુજરાતમાં થયેલા સુધારા

### 1. જળ સુધારણા, 2003

દુષ્કાળગ્રસ્ત ગુજરાતમાં, ચેકડેમ, ખેત તળાવો, રિચાર્જ કુવાઓ અને નહેરોને એક જ યોજના હેઠળ જોડવામાં આવ્યા હતા. સુજલામ સુફલામ અને સૌનીએ પાણી અને સિંચાઈ ક્ષમતામાં વધારો કર્યો હતો. 2019 સુધીમાં, 1.85 લાખથી વધુ ચેકડેમ બનાવવામાં આવ્યા હતા.

### 2. નિર્મલ ગુજરાત, 2006

સ્વચ્છતાની જવાબદારી પંચાયતો, શાળાઓ, મહિલા જૂથો અને સ્થાનિક સંસ્થાઓને સોંપવામાં આવી. આ અભિગમ સ્વચ્છ ભારત મિશનનો આધાર બન્યો.

### 3. રોકાણકારો માટે સિંગલ વિન્ડો સિસ્ટમ-2013

મંજૂરીઓને સિંગલ વિન્ડો સાથે જોડવાની પ્રક્રિયાની શરૂઆત થઈ, અને પછીથી તેને રાષ્ટ્રીય સ્તરે વિસ્તૃત કરવામાં આવી. આજે, તે 32 કેન્દ્રીય મંત્રાલયોને 33 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે જોડે છે.

### 4. ગુજરાતમાં બંદર ક્રાંતિ

દરિયાકાંઠાનો વિકાસ ઔદ્યોગિક માળખા તરીકે કરવામાં આવ્યો. બંદરો રસ્તાઓ, રેલ્વે, વીજળી અને ઉદ્યોગો સાથે જોડવામાં આવ્યા. મુન્દ્રા, હજીરા અને પીપાવાવ આના ઉદાહરણો બન્યા.



## ચૂકવણી, કૃષિ અને માનવ મૂડી

### 5. ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર, 2014

જન ધન, આધાર અને મોબાઈલની ત્રિપુટી દ્વારા સીધા ચકાસાયેલ બેંક ખાતાઓમાં લાભો પહોંચવા લાગ્યા. 320 યોજનાઓ હેઠળ 53 લાખ કરોડ રૂપિયાથી વધુના ટ્રાન્સફર કરવામાં આવ્યા, જેમાં 5 લાખ કરોડ રૂપિયાથી વધુની બચતનો અંદાજ છે.

### 6. લીમડાથી કોટેડ યુરિયા, 2015

યુરિયા પર લીમડાના કોટિંગથી કાળાબજાર અને ઔદ્યોગિક ઉપયોગ અટક્યો છે. ખેડૂતોને a ઉપલબ્ધતામાં વધારો થયો છે અને સરકારી તિજોરીમાં આશરે 10,000 કરોડ રૂપિયાની બચત થયાનો અંદાજ છે.

### 7. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, 2020

29 જુલાઈ, 2020 ના રોજ મંજૂર કરાયેલી આ નીતિમાં 1968 થી પ્રવર્તમાન 10+2 માળખાને 5+3+3+4 માળખાથી બદલવામાં આવ્યું. શરૂઆતના વર્ષોના શિક્ષણને આ પ્રણાલીમાં સમાવવામાં આવ્યું. કલા-વિજ્ઞાન-વાણિજ્ય-વ્યાવસાયિક શિક્ષણની કઠોર સીમાઓ ઘટાડવામાં આવી.

### 8. રાષ્ટ્રીય તબીબી આયોગ અધિનિયમ, 2019

તબીબી શિક્ષણના નિયમનને બહુ-પરિષદ પ્રણાલીમાં બદલવામાં આવ્યું. 2014 માં મેડિકલ કોલેજોની સંખ્યા 387 થી વધીને 846 થી વધુ થઈ. એમબીબીએસ બેઠકો 51,348 થી વધીને 139,864 થી વધુ થઈ, અને અનુસ્નાતક બેઠકો 30,191 થી વધીને લગભગ 86,360 થઈ.







## અર્થતંત્રનું પુનઃનિર્માણ

### 9. બેંકિંગ સુધારા, 2014

સંપત્તિ ગુણવત્તા સમીક્ષાઓએ બેંકોની સાચી સ્થિતિ જાહેર કરી. મૂડી વધારો, મર્જર અને નાદારીની કાર્યવાહીએ બેંકિંગ સિસ્ટમને મજબૂત બનાવી.

### 10. ઉદાર એફડીઆઈ નીતિ, 2014

વિવિધ ક્ષેત્રોમાં વિદેશી રોકાણ મર્યાદા અને પ્રક્રિયાઓ હળવી કરવામાં આવી. ભારતને 2014-25માં 748.78 બિલિયન ડોલરનું પ્રત્યક્ષ વિદેશી રોકાણ મળ્યું.

### 11. ફેમા અને વૈશ્વિક નાણાકીય એકીકરણ

વિદેશી હૂંડિયામણ, બાહ્ય ઉધાર, વિદેશી રોકાણ અને સરહદ પારના વ્યવહારોને નિયંત્રિત કરતા નિયમો સરળ બનાવવામાં આવ્યા, જેનાથી કાયદેસર વ્યવસાય માટેના અવરોધો ઓછા થયા. ભારતીય કંપનીઓ માટે વિદેશમાં વ્યવસાય કરવાનું સરળ બન્યું.

### 12. નાદારી અને નાદારી કોડ - આઈબીસી, 2016

નિષ્ફળ કંપનીઓ માટે સમયબદ્ધ પ્રક્રિયા શરૂ કરવામાં આવી, અને લેણદારોની ભૂમિકા કેન્દ્રિય બની. માર્ચ 2026 સુધીમાં, 1,419 કેસોમાં રિઝોલ્યુશન પ્લાન મંજૂર કરવામાં આવ્યા હતા, જેનાથી આશરે 4.32 લાખ કરોડની વસૂલાત થઈ હતી.

### 13. જીએસટી, 2017

એક સામાન્ય કર પ્રણાલીએ અનેક કેન્દ્રિય-રાજ્ય કરવેરાનું સ્થાન લીધું, જેનાથી ભારત એક જ બજાર બન્યું અને નોંધાયેલા કરદાતાઓ અને કર વસૂલાતની સંખ્યામાં વધારો થયો.

### 14. આવકવેરા સુધારા, 2014

ફેસલેસ એસેસમેન્ટથી કરદાતાઓ અને અધિકારીઓ વચ્ચેનો સીધો સંપર્ક ઓછો થયો. નવી કર વ્યવસ્થા અને નવા આવકવેરા કાયદા 2025 એ દરો, વિભાગો અને પ્રક્રિયાઓને સરળ બનાવી.

બજેટ 2025-26 માં 12 લાખ રૂપિયા સુધીની વાર્ષિક આવક પર આવકવેરો નાબૂદ કરવામાં આવ્યો અને પગારદાર કરદાતાઓ માટે રૂ. 75,000 ની પ્રમાણભૂત કપાત ઉમેર્યા પછી મર્યાદા રૂ. 12.75 લાખ થઈ.

### 15. MSME ની સુધારેલી વ્યાખ્યા, 2020 અને 2025

રોકાણ અને ટર્નઓવરનું સંયુક્ત પ્રમાણ નાની કંપનીઓ માટે વૃદ્ધિમાં અવરોધ ઘટાડે છે. કંપનીઓ નફો ન ગુમાવે તે સુનિશ્ચિત કરવા માટે 2025 માં મર્યાદામાં વધુ વધારો કરવામાં આવ્યો.

### 16. ઉત્પાદન સાથે જોડાયેલ પ્રોત્સાહન યોજનાઓ (પીએલઆઈ), 2020

માર્ચ 2026 સુધીમાં 2.40 લાખ કરોડનું રોકાણ અને 20 લાખ કરોડ રૂપિયાથી વધુનું ઉત્પાદન થયું. 15.2 લાખ કરોડ રૂપિયાના માલની નિકાસ કરવામાં આવી. લગભગ 14 લાખ નોકરીઓનું સર્જન થયું.

***ભારતના નીતિગત નિર્ણયોમાં આવેલી ગતિ બાકીનું વિશ્વ પણ જોઈ રહ્યું છે અને સમજી રહ્યું છે. તેથી, તેઓ ભારત સાથે તેમની ભાગીદારીનો વિસ્તાર કરી રહ્યા છે. છેલ્લાં દાયકામાં, લગભગ 40 દેશો સાથે વેપાર કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.***

***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***









## કાયદો, ન્યાય અને જીવનની સરળતા

### 17. વાણિજ્યિક અદાલતો અધિનિયમ, 2015

વાણિજ્યિક વિવાદો માટે અલગ સિસ્ટમ, સમયરેખા અને ઈલેક્ટ્રોનિક પ્રક્રિયાઓ શરૂ કરવામાં આવી. શહેરોમાં વિવાદ નિરાકરણનો સમય વર્ષોથી ઘટીને મહિનાઓનો થઈ ગયો. ન્યાય વિભાગના જણાવ્યા અનુસાર, દિલ્હીમાં નિર્ણયનો સમય ઘટીને 424 દિવસ અને મુંબઈમાં 306 દિવસ થઈ ગયો.

### 18. જૂના કાયદાઓ નાબૂદ અને જન વિશ્વાસ અધિનિયમ, 2023

2014 થી અત્યાર સુધીમાં 1,500 થી વધુ કેન્દ્રીય કાયદાઓ રદ કરવામાં આવ્યા છે. 183 જોગવાઈઓને ગુનાહિત શ્રેણીમાંથી બહાર કાઢવામાં આવી છે, અને નાના ટેકનિકલ ગુનાઓ માટે નાગરિક દંડ દાખલ કરવામાં આવ્યો છે.

### 19. ભારતીય દંડ સંહિતા, 2023

ભારતીય ન્યાયિક સંહિતાએ 1860 ની ભારતીય દંડ સંહિતાનું સ્થાન લીધું અને 1 જુલાઈ, 2024 ના રોજ અમલમાં આવી. તે વસાહતી માનસિકતામાંથી મુક્તિનો પર્યાય બની ગઈ. મહિલાઓ અને બાળકો સામેના ગુનાઓને રોકવાને પ્રાથમિકતા આપવામાં આવી. સંગઠિત ગુના, આતંકવાદ અને ટોળાની હિંસા, એટલે કે મોબ લિંચિંગની જોગવાઈઓ ઉમેરવામાં આવી.

### 20. શ્રમ સંહિતા, 2025

29 જૂના શ્રમ કાયદાઓને બદલે વેતન, ઔદ્યોગિક સંબંધો, સામાજિક સુરક્ષા અને કાર્યસ્થળ સલામતીને આવરી લેતા ચાર સંહિતાનો ઉપયોગ કરવામાં આવ્યો. આનાથી પાલન સરળ બન્યું અને ગિગ-પ્લેટફોર્મ કામદાર સામાજિક સુરક્ષાના દાયરામાં આવ્યું.

## વ્યૂહાત્મક ક્ષમતા

### 21. અવકાશ ક્ષેત્ર સુધારા, 2020

ખાનગી ક્ષેત્ર માટે અવકાશ પ્રવૃત્તિઓના દરવાજા ખોલ્યા. ઈન-સ્પેસ દ્વારા સંસ્થાકીયકરણ સ્થાપિત થયું. 2026 સુધીમાં, આશરે 440 નોંધાયેલા સ્ટાર્ટઅપ્સ ઉભરી આવ્યા છે, અને ખાનગી રોકાણ 618 મિલિયન ડોલરને વટાવી ગયું છે. 18 જુલાઈ, 2026 ના રોજ, સ્કાયરૂટનું વિક્રમ-1 શ્રીહરિકોટાથી લોન્ચ થયું અને તેના પ્રથમ પ્રયાસમાં જ ભ્રમણકક્ષામાં પહોંચ્યું.

### 22. સંરક્ષણ સુધારા, 2020

સંરક્ષણ ઉત્પાદનમાં ભારતીય ડિઝાઈન અને ઉત્પાદનને પ્રાથમિકતા મળી. સંરક્ષણ નિકાસ 2013-14માં આશરે 680 કરોડ રૂપિયાથી વધીને 38,400 કરોડ રૂપિયાથી વધુ થઈ ગઈ. એક સમયે શસ્ત્રોનો ખરીદનાર દેશ હવે નિકાસકાર બની ગયો છે.

### 23. સેમિકન્ડક્ટર મિશન, 2021

ભારતમાં સમગ્ર ચિપ ફેબ્રિકેશન, પેકેજિંગ અને ડિઝાઈન ચેઈન વિકસાવવા માટે યોજનાઓ બનાવવામાં આવી હતી. આશરે 1.6 લાખ કરોડ રૂપિયાના દસ પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી હતી. આ પ્રોજેક્ટ્સ ગુજરાત, આસામ અને અન્ય રાજ્યોમાં ફેલાયેલા છે જેથી બહુવિધ પ્રદેશોમાં ક્ષમતાઓ વિકસાવી શકાય.

સામાજિક સુધારણા

### 24. ટ્રિપલ તલાક, 2019

તાત્કાલિક ટ્રિપલ તલાકને અમાન્ય અને સજાપાત્ર જાહેર કરવામાં આવ્યો. તેમાં ભરણપોષણ અને સગીર બાળકોના રક્ષણની પણ જોગવાઈ કરવામાં આવી. કાયદાના અમલીકરણના એક વર્ષમાં, નોંધાયેલા કેસોની સંખ્યામાં 82 ટકાનો ઘટાડો થયો. કાયદા દ્વારા લાંબા સમયથી અવગણવામાં આવતી મહિલાઓને બંધારણીય સુરક્ષા આપવામાં આવી.

### 25. વક્ફ સુધારા, 2025

વક્ફ મિલકતો સંબંધિત દાવાઓ માટે તપાસ અને અપીલ પ્રણાલીને મજબૂત બનાવવામાં આવી છે. સરકારી જમીન પરના દાવાઓની તપાસ વરિષ્ઠ અધિકારી દ્વારા કરવા અને હાઈકોર્ટમાં અપીલનો માર્ગ ખુલશે. વક્ફ દાવાઓ હવે પુરાવા પર આધારિત હશે.







# નવા ભારતની ભવ્ય નિર્માણ ગાથા

***પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની 25 વર્ષની સફરને "ભારતના સ્થાપત્ય અજાયબીઓ" ગણવામાં આવે છે. આ વર્ષોમાં દેશમાં હાથ ધરવામાં આવેલા અસંખ્ય ભવ્ય બાંધકામોએ ભારતની પરિવર્તનશીલ વિકાસ યાત્રાનું ભવ્ય ચિત્ર રજૂ કર્યું છે. પુલ અને ટનલથી લઈને એરપોર્ટ, બંદરો, શહેરી પરિવહન, સંસદ, સ્મારકો, સંગ્રહાલયો, તીર્થસ્થાનો અને સ્માર્ટ શહેરો સુધી, આ પ્રોજેક્ટ્સે કનેક્ટિવિટી, સુવિધા, વારસો અને ભવિષ્યની જરૂરિયાતોને એકીકૃત રીતે સંકલિત કરવાનો પ્રયાસ કર્યો છે. આ વિવિધતા આ બાંધકામોને "નવા ભારત" ના ભવ્ય સ્થાપત્ય અને વિકાસ નકશામાં મહત્વપૂર્ણ કડીઓ તરીકે ચિહ્નિત કરે છે.***

1. **બોગીબીલ અને ડૉ. ભૂપેન હજારિકા સેતુ - ઉત્તરપૂર્વની વ્યૂહાત્મક કનેક્ટિવિટી:** બ્રહ્મપુત્ર પર 4.94 કિમી લાંબો બોગીબીલ બ્રિજ ભારતનો સૌથી લાંબો સંયુક્ત રેલ-રોડ બ્રિજ છે. 25 ડિસેમ્બર, 2018 ના રોજ ઉદ્ઘાટન કરાયેલ, આ બ્રિજે દિબ્રુગઢ-ઈટાનગર રોડનું અંતર 150 કિમી અને રેલ અંતર આશરે 200 કિમી ઘટાડ્યું. 9.15 કિમી લાંબા ડો. ભૂપેન હજારિકા સેતુએ ઉપલા આસામ અને પૂર્વીય અરુણાચલ પ્રદેશ વચ્ચે કાયમી રોડ કનેક્ટિવિટી પ્રદાન કરી. ભૂપેન હજારિકા સેતુએ આંતર-રાજ્ય અંતર આશરે 165 કિમી ઘટાડ્યું. બંને પુલ લશ્કરી હિલચાલ માટે અનુકુળ છે.

2. **અટલ સેતુ અને સુદર્શન સેતુ - દરિયાઈ જોડાણના નવા પરિમાણો:** મુંબઈનો 21.8 કિમી લાંબો, છ લેનનો અટલ બિહારી વાજપેયી શિવરી-ન્હાવા શેવા અટલ સેતુ ભારતનો સૌથી લાંબો પુલ અને દરિયાઈ પુલ છે. તેણે શિવરી-ન્હાવા શેવા પ્રવાસને લગભગ બે કલાકથી ઘટાડીને 20 મિનિટ કરી દીધો. ગુજરાતનો 2.32 કિમી લાંબો સુદર્શન સેતુ ભારતનો સૌથી લાંબો કેબલ-સ્ટેડ પુલ છે, જે બેટ દ્વારકાને કાયમી રોડ કનેક્ટિવિટી પ્રદાન કરે છે. તેના ફૂટપાથ પર ભગવદ ગીતાના શ્લોકો લખેલા છે અને તેનો ડેક લગભગ 1 મેગાવોટ સોલર પેનલથી સજ્જ છે.

3. **ચિનાબ અને અંજી ખડ્ડ -** કાશ્મીર રેલ લિંક ચિનાબ રેલ બ્રિજ, નદીના તળિયાથી 359 મીટર ઉપર અને 1,315 મીટર લાંબો, વિશ્વનો સૌથી ઊંચો રેલ્વે કમાન પુલ છે. 6 જૂન 2025 ના રોજ ઉદ્ઘાટનથી કાશ્મીર રેલ લિંકના મુશ્કેલ ભાગનું પૂર્ણ થયું. ભારતનો પ્રથમ કેબલ-સ્ટેડ રેલ્વે પુલ, અંજી ખડ્ડ પુલનું પણ તે જ દિવસે ઉદ્ઘાટન કરવામાં આવ્યું. 725 મીટર લાંબા આ પુલનો Y-આકારનો થાંભલો 193 મીટર ઊંચો છે.

4. **નવો પંબન પુલ -** સમુદ્ર ઉપર એક આધુનિક રેલ લિંક ભારતના પ્રથમ વર્ટિકલ-લિફ્ટ રેલ્વે દરિયાઈ પુલે રામેશ્વરમ સાથે રેલ જોડાણ પુનઃસ્થાપિત કર્યું. 550 કરોડ રૂપિયાના ખર્ચે બનેલા, આ પુલનો 72.5-મીટર નેવિગેશનલ સ્પાન 17 મીટર સુધી વધી શકે છે. ખાસ કોટેડ સ્ટેનલેસ સ્ટીલ રિઈન્ફોર્સમેન્ટ દરિયાઈ પર્યાવરણ સામે લાંબા ગાળાનું રક્ષણ પૂરું પાડે છે.

5. **અટલ ટનલ અને સેલા ટનલ:** સરહદી વિસ્તારો સાથે આખું વર્ષ કનેક્ટિવિટી: 9.02 કિમી લાંબી અટલ ટનલ લાહૌલ-સ્પિતિને આખું વર્ષ કનેક્ટિવિટી પૂરી પાડે છે અને મનાલી-સારચુનું અંતર 46 કિમી ઘટાડે છે. સેલા ટનલ તવાંગને, જે માર્ગ ભારે હિમવર્ષાને આધિન છે આખું વર્ષ કનેક્ટિવિટી પૂરી પાડે છે. આ ટનલ 1,555 મીટર લાંબી છે. 8.6 કિમીના કનેક્ટેડ અને એપ્રોચ રોડ પણ વિકસાવવામાં આવ્યા છે.







6. **કેમ્પેગૌડા અને ગુવાહાટી એરપોર્ટ - વધારો કરી રહ્યા છે ઉડ્ડયન ક્ષમતામાં:** બેંગલુરુના ટર્મિનલ 2 એ એરપોર્ટની વાર્ષિક મુસાફરોની ક્ષમતા આશરે 2.5 કરોડથી વધારીને 5-6 કરોડ કરી. ગ્રીન વોલ, હેંગિંગ ગાર્ડન અને આઉટડોર ગાર્ડન તેની વિશેષતાઓમાં સામેલ છે. ગુવાહાટીના નવા ટર્મિનલની ક્ષમતા 34 લાખથી વધારીને 1.3 કરોડથી વધુ થઈ ગઈ. તેમાં આશરે 140 મેટ્રિક ટન વાંસ અને લગભગ 1 લાખ મૂળ છોડ સાથે “સ્કાય ફોરેસ્ટ” છે.

7. **જેવર ઈન્ટરનેશનલ એરપોર્ટ - એનસીઆરનું બીજું મુખ્ય ઉડ્ડયન પ્રવેશદ્વાર:** 11,200 કરોડ રૂપિયાના ખર્ચે બનેલા પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન 28 માર્ચ, 2026 ના રોજ કરવામાં આવ્યું હતું. તેનો ઉદ્દેશ્ય ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર વધતા દબાણને ઓછું કરવાનો અને પશ્ચિમ ઉત્તર પ્રદેશની હવાઈ જોડાણ જરૂરિયાતોને પૂર્ણ કરવાનો છે. જ્યારે સંપૂર્ણ રીતે વિકસિત થશે, ત્યારે તે ભારતના સૌથી મોટા એરપોર્ટમાંનું એક બનવાનું આયોજન છે.

8. **વિઝિંજમ બંદર - ભારતનું દરિયાઈ ટ્રાન્સશિપમેન્ટ કેન્દ્ર:** 2 મે, 2025 ના રોજ ઉદ્ઘાટન કરાયેલ વિઝિંજમ, ભારતનું પ્રથમ સમર્પિત કન્ટેનર ટ્રાન્સશિપમેન્ટ પોર્ટ અને તેનું પ્રથમ અર્ધ-સ્વચાલિત ટ્રાન્સશિપમેન્ટ પોર્ટ છે. આશરે 20 મીટરના કુદરતી ડ્રાફ્ટ સાથે, તે મોટા કાર્ગો જહાજોને સમાવી શકે છે. તેનો ધ્યેય વિદેશી બંદરોથી ટ્રાન્સશિપમેન્ટ ભારતમાં લાવવાનો અને ઉત્પન્ન થતી આવક જાળવી રાખવાનો છે.



9. **કોચી વોટર મેટ્રો અને નમો ભારત:** શહેરી પરિવહન નવા મોડેલ: કોચી વોટર મેટ્રો ભારતની પ્રથમ વોટર મેટ્રો છે. 78 બેટરી-ઈલેક્ટ્રિક હાઈબ્રિડ બોટ 15 રૂટ પર 38 ટર્મિનલને જોડતું, આ ફ્લિટ વિશ્વનું પ્રથમ વોટર-મેટ્રો નેટવર્ક છે જે આ સ્કેલ પર બેટરી ઊર્જા દ્વારા સંચાલિત છે. બીજી તરફ, 82.15 કિમી લાંબો દિલ્હી-ગાઝિયાબાદ-મેરઠ નમો ભારત આરઆરટીએસ, 180 કિમી પ્રતિ કલાકની મહત્તમ ગતિ માટે રચાયેલ છે.

10. **નમો ઘાટ અને વારાણસી મલ્ટી મોડલ ટર્મિનલ નદી આધારિત કનેક્ટિવિટી:** 95 કરોડ રૂપિયાના ખર્ચે વિકસિત, નમો ઘાટમાં વ્યુઈંગ ડેક, કાફેટેરિયા, હેરિટેજ ભીંતચિત્રો અને ક્રુઝ બર્થ છે. વારાણસી મલ્ટી-મોડલ ટર્મિનલ રાષ્ટ્રીય જળમાર્ગ 1 પર તેના પ્રકારનું પ્રથમ ટર્મિનલ છે, જે 1,500-2,000 ટનની ક્ષમતાવાળા જહાજોને હેન્ડલ કરવા સક્ષમ છે. અહીંથી ભારતની સ્વતંત્રતા પછીની પ્રથમ આંતરિક જળમાર્ગ કન્ટેનર સેવા શરૂ થઈ.

11. **સ્વર્ણિમ સંકુલ અને નવું સંસદ ભવન - સુશાસનનું નવું સંકુલ:** ગાંધીનગરમાં સ્વર્ણિમ સંકુલ એ વિવિધ રાજ્ય વિભાગોને એક સંકુલ હેઠળ લાવવાની પહેલ હતી, જે વહેંચાયેલ સેવાઓ અને વહીવટી કાર્યોને સરળ બનાવે છે. નવી દિલ્હીમાં નવા સંસદ ભવનનું ત્રિકોણાકાર સંકુલમાં લોકસભા માટે 888 બેઠકો અને રાજ્યસભા માટે 384 બેઠકો છે. 28 મે, 2023ના રોજ ઉદ્ઘાટન કરાયેલ આ ઈમારતમાં દેશના વિવિધ રાજ્યો અને 'સેંગોલ'ની સ્થાપના કરવામાં આવી.

12. **સેન્ટ્રલ વિસ્ટા- કર્તવ્ય પથ, કર્તવ્ય ભવન અને સેવાતીર્થ:** 19 મહિનામાં પુનઃવિકાસિત કર્તવ્ય પથનું ઉદ્ઘાટન 8 સપ્ટેમ્બર, 2022 ના રોજ કરવામાં આવ્યું હતું. કર્તવ્ય ભવન-3 અને સેવા તીર્થના લોન્ચિંગથી વિવિધ ભાડાની ઈમારતોમાં કાર્યરત મંત્રાલયોને એક સામાન્ય સચિવાલય સંકુલમાં લાવવાની પ્રક્રિયાની શરૂઆત થઈ. કર્તવ્ય ભવન-3 પ્રમાણભૂત ઈમારતો કરતાં 30 ટકા ઓછી ઊર્જાનો વપરાશ કરવા માટે ડીઝાઈન કરવામાં આવ્યું છે.





**13. સ્ટેચ્યુ ઓફ યુનિટી -** રાષ્ટ્રવાદનું વિરાટ પ્રતીક 182 મીટર ઊંચી આ પ્રતિમા વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા છે. 31 ઓક્ટોબર, 2018 ના રોજ ઉદ્ઘાટન કરાયેલ, આ પ્રતિમાની ઊંચાઈ ગુજરાત વિધાનસભાની 182 બેઠકોનું પ્રતિનિધિત્વ કરે છે. દેશભરના ખેડૂતોએ જૂના કૃષિ સાધનોમાંથી લોખંડનું યોગદાન આપીને ભાગ લીધો હતો.

**14. રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક અને રાષ્ટ્રીય પોલીસ સ્મારક બલિદાનને નમન:** રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક એ ભારતનું પ્રથમ રાષ્ટ્રીય સ્મારક છે જે સ્વતંત્રતા પછી રાષ્ટ્ર માટે પોતાના જીવનનું બલિદાન આપનારા સૈનિકોની યાદમાં બનાવવામાં આવ્યું છે. તેમાં 25,942 સૈનિકોના નામ છે. રાષ્ટ્રીય પોલીસ સ્મારક એ ફરજ બજાવતા શહીદ થયેલા પોલીસ કર્મચારીઓને સમર્પિત પ્રથમ રાષ્ટ્રીય સ્મારક છે. તેની "વોલ ઓફ વેલોર" શહીદ પોલીસ કર્મચારીઓના નામ અંકિત છે.

**15. સ્મૃતિવન અને જલિયાંવાલા બાગ - દુર્ઘટનાની યાદ અને ઈતિહાસ:** ભુજમાં 470 એકરથી વધુ જમીનમાં વિકસિત સ્મૃતિવનમાં 13,000 થી વધુ પીડિતોના નામ, ત્રણ લાખથી વધુ વૃક્ષો સાથેનું મિયાવાકી જંગલ અને 5ડી સિસ્મિક સિમ્યુલેટર છે. પુનઃવિકસિત જલિયાંવાલા બાગ સંકુલમાં જનરલ ડાયરના સૈનિકોના પ્રવેશ માર્ગનું પ્રતિનિધિત્વ કરતા શિલ્પો છે, અને નવી ગેલેરી અને સાઉન્ડ-એન્ડ-લાઈટ શો ઉમેરવામાં આવ્યા છે.

**16. નાલંદા યુનિવર્સિટી - જ્ઞાનનું કેન્દ્ર પરંપરાનું આધુનિક વિસ્તરણ:** નવા 455 એકરમાં ફેલાયેલા કેમ્પસનું ઉદ્ઘાટન 19 જૂન, 2024 ના રોજ કરવામાં આવ્યું હતું. સૌર ઊર્જાથી ચાલતા, નેટ-ઝીરો કેમ્પસમાં 2000 બેઠકો ધરાવતું એમ્ફીથિયેટર અને 100 એકરમાં ફેલાયેલું કમળનું તળાવ છે. વરસાદી પાણીના સંગ્રહ માટે બિહારની પરંપરાગત "આહર-પાઈન" સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવ્યો છે.



**17. પ્રધાનમંત્રી સંગ્રહાલય અને દાંડી કુટીર -** મોર્ડન પ્રદર્શનમાં ઈતિહાસઃ પ્રધાનમંત્રી સંગ્રહાલય 14 એપ્રિલ, 2022 ના રોજ ખુલ્યું. તે દરેક ભારતીય પ્રધાનમંત્રીને સમર્પિત પ્રથમ સંગ્રહાલય છે. હોલોગ્રામ અને ઈન્ટરેક્ટિવ રૂમ સ્વતંત્રતા પછી ભારતની સફર રજૂ કરશે. દાંડી કુટીર ખાતે 41-મીટર ઊંચા શંકુ આકારના ગુંબજની અંદર મહાત્મા ગાંધીના જીવનને હવાઈ મેપિંગ, હોલોગ્રાફી અને 360-ડિગ્રી પ્રક્ષેપણ દ્વારા રજૂ કરવામાં આવ્યું છે.

**18. આદિવાસી સ્વતંત્રતા સેનાની સંગ્રહાલય અને રાષ્ટ્રીય દરિયાઈ વારસો સંકુલ:** રાષ્ટ્રીય સંગ્રહાલય કાર્યક્રમ હેઠળ પ્રસ્તાવિત 11 સંગ્રહાલયોમાંથી, જે સ્વતંત્રતા સંગ્રામમાં આદિવાસી સમુદાયોના યોગદાનને સમર્પિત છે, તેમાંથી ચારનું ઉદ્ઘાટન 2026 સુધીમાં થઈ ગયું છે. પહેલું રાંચીની જૂની સેન્ટ્રલ જેલમાં છે. લોથલમાં વિકસાવવામાં આવી રહેલું રાષ્ટ્રીય દરિયાઈ વારસો સંકુલ ભારતના 4,500 વર્ષના દરિયાઈ ઈતિહાસને સમર્પિત છે.

**19. મહાત્મા મંદિર, ભારત મંડપમ અને યશોભૂમિ-સંમેલન ક્ષમતાનું વિસ્તરણ:** ગાંધીનગરનું મહાત્મા મંદિર આશરે 40 એકરમાં ફેલાયેલું છે. તેના મુખ્ય સભાગૃહમાં 6,000 લોકો માટે એક સભાગૃહ અને 3,000 લોકો માટે એક એમ્ફીથિયેટર છે. યશોભૂમિમાં 1.07 લાખ ચોરસ મીટરથી વધુનો પ્રદર્શન વિસ્તાર અને 11,000 થી વધુ પ્રતિનિધિઓની ક્ષમતાવાળા કોન્ફરન્સ હોલ છે.

**20. રુદ્રાક્ષ અને નરેન્દ્ર મોદી સ્ટેડિયમ – સંસ્કૃતિથી રમત સુધી:** વારાણસીમાં આવેલું રુદ્રાક્ષ ઈન્ટરનેશનલ કોઓપરેશન એન્ડ કન્વેન્શન સેન્ટર શિવલિંગના આકારમાં બનેલું છે અને 108 એલ્યુમિનિયમ રુદ્રાક્ષની આકૃતિઓથી શણગારેલું છે. 1,200 લોકોની ક્ષમતા ધરાવતું આ સેન્ટર ભારત-જાપાન સ્થાપત્ય અને ટેકનોલોજીકલ ભાગીદારીનું ઉદાહરણ છે. અમદાવાદનું નરેન્દ્ર મોદી સ્ટેડિયમ આશરે 1,32,000 દર્શકોની ક્ષમતા ધરાવતું વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ છે.





**21. સાબરમતી રિવરફ્રન્ટ અને કાંકરિયા તળાવ - શહેરી જાહેર સ્થળોની કાયાકલ્પ:** સાબરમતી રિવરફ્રન્ટના આશરે 205 હેક્ટર ક્ષેત્રનું પુનર્વિકાસ કરી 11.25 કિમી સાર્વજનિક નદી તટ બનાવવામાં આવ્યું. તેનો 300 મીટર લાંબો, પતંગથી પ્રેરિત અટલ પદયાત્રી પુલ એક વિશેષ આકર્ષણ છે. 15મી સદીના કાંકરિયા તળાવનો પુનર્વિકાસ કરી 2.3 કિમી લાંબા લેકફ્રન્ટ બનાવવામાં આવ્યું અને અહીં મનોરંજનની ઘણી સુવિધાઓ વિકસાવવામાં આવી છે.

**22. કાશી વિશ્વનાથ ધામ અને મહાકાલ લોક - તીર્થયાત્રાને નવું સ્વરૂપ:** કાશી વિશ્વનાથ ધામની 23 ઇમારતોએ લલિતા ઘાટને મંદિર સાથે જોડ્યો અને ગંગાથી મંદિર સુધીની યાત્રાને સરળ બનાવી. ઉજ્જૈનનો આશરે 900-મીટર લાંબો મહાકાલ લોક 108 બલુઆ પત્થરોના સ્તંભોથી સુશોભિત છે, જેના પર ભગવાન શિવની આનંદ તાંડવ મુદ્રાઓ કોતરેલી છે.

**23. કેદારનાથ, સોમનાથ અને અંબાજી - વારસો પણ અને વિકાસ પણ મંત્ર:** 2013ના પૂર પછી કેદારનાથનો આપત્તિ-પ્રતિરોધક પુનર્વિકાસ કરવામાં આવ્યો, જ્યાં 35 ટનની આદિ શંકરાચાર્ય પ્રતિમા સ્થાપિત કરવામાં આવી. સોમનાથમાં 1.48 કિમીનો સમુદ્ર દર્શન પથ, એક ખાસ ગેલેરી અને જૂના વિસ્તારનો પુનર્વિકાસ પણ થયો. અંબાજીને 1,632 કરોડ રૂપિયાનો શક્તિ કોરિડોર પરિયોજના હેઠળ, મંદિર, ગબ્બર પર્વત અને માનસરોવરને જોડવા માટે પાર્કિંગ, અંડરપાસ અને પેસેન્જર બિલ્ડિંગ જેવી સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે.

**24. ત્રિપુરા સુંદરી અને શ્રીરામ જન્મભૂમિ મંદિરો - પરંપરા અને પુનરુત્થાન:** ત્રિપુરા સુંદરી મંદિર નજીક 51 શક્તિપીઠ પાર્કમાં શક્તિપીઠોની પ્રતિકૃતિઓ સ્થાપિત કરવામાં આવી છે. અયોધ્યામાં શ્રીરામ જન્મભૂમિ મંદિરનો અભિષેક સમારોહ 22 જાન્યુઆરી, 2024 ના રોજ યોજાયો હતો. મંદિરના મુખ્ય માળખામાં લોખંડનો ઉપયોગ કરવામાં આવ્યો નથી, પરંતુ પરંપરાગત કારીગરી અને કિંમતી પથ્થરોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**25. ગિફ્ટ સિટી, ધોલેરા અને ચારણકા - અર્થતંત્ર અને ઊર્જાનું ભવિષ્ય:** ગિફ્ટ સિટી ભારતનું પ્રથમ કાર્યરત આઈએફએસસી અને પ્રથમ ગ્રીનફિલ્ડ સ્માર્ટ સિટી છે, જેમાં ડિસ્ટ્રિક્ટ કૂલિંગ, ઓટોમેટેડ વેસ્ટ કલેક્શન અને યુટિલિટી ટનલને માસ્ટર પ્લાનનો હિસ્સો બનાવવામાં આવ્યા છે. ધોલેરામાં, જમીન ફાળવણી પહેલાં રસ્તાઓ, પાણી, વીજળી અને ફાઈબર જેવી માળખાગત સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે. 2024માં મંજૂર થયેલ સેમિકન્ડક્ટર પ્લાન્ટ અહીંની પ્રથમ મોટી ફેક્ટરી છે. ચારણકા સોલાર પાર્કે શેર કરેલી જમીન, રસ્તાઓ અને પાવર ઈવેક્યુએશન સુવિધાઓ દ્વારા મોટા પાયે સૌર ઊર્જા ઉત્પાદન માટે શેર કરેલી પાર્ક મોડેલની પહેલ કરી.







# 25 પહેલ જનસેવાથી જનભાગીદારી સુધી

*ગુજરાતમાં શરૂ થયેલી વિકાસ અને સુશાસનની સફરમાં અસંખ્ય પહેલો જોવા મળી છે જેણે છેલ્લા વ્યક્તિ સુધી સેવા પહોંચાડી છે, તકોનો વિસ્તાર કર્યો છે અને નાગરિકો માટે જીવન જીવવાની સરળતા પર ભાર મૂક્યો છે. આ 25 વર્ષની સફરનો સાર સુશાસનથી સેવા, સેવાથી સશક્તિકરણ અને સશક્તિકરણથી વિકસિત ભારત તરફ સંચરણ છે. આ 25 વર્ષની સફરમાંથી 25 મુખ્ય પહેલો...*

## 1. કન્યા શિક્ષણ અને શાળા પ્રવેશોત્સવ

**જીઈઆરમાં સુધારો. ડ્રોપઆઉટ દરમાં ઘટાડો.**

- 2003માં શરૂ કરાયેલી આ પહેલોએ શાળામાં પ્રવેશને વહીવટી ધ્યેયમાંથી સામાજિક ઉજવણીમાં પરિવર્તિત કર્યો. મંત્રીઓ, અધિકારીઓ, શિક્ષકો અને સમુદાયો ગામડે ગામડે ગયા, બાળકોને, ખાસ કરીને છોકરીઓને શાળાએ જવા માટે પ્રોત્સાહિત કર્યા.

## 2. સ્વાગત

**લાખો ફરિયાદો. 99% નિરાકરણ.**

- 2003માં શરૂ કરાયેલ, "સ્વાગત" પ્લેટફોર્મે નાગરિકોની ફરિયાદોને સીધી મુખ્યમંત્રી સુધી પહોંચાડવા અને તેના નિરાકરણ માટે પારદર્શક નિરીક્ષણની વ્યવસ્થા બનાવી. લાખો ફરિયાદોનું 99% નિરાકરણે ટેકનોલોજીને નાગરિકો અને શાસન વચ્ચે અસરકારક સેતુ બનાવ્યો.

## 3. જ્યોતિગ્રામ યોજના

**18,000+ ગામડાં. ફીડર સેપરેશન સાથે 24×7 વીજળી**

- 2006માં, કૃષિ અને ઘરેલું વીજ પુરવઠો ફીડર સેપરેશન દ્વારા અલગ કરવામાં આવ્યો હતો. 18,000થી વધુ ગામડાઓને વિશ્વસનીય 24 કલાક ડબલ-ફેઝ વીજળી મળી. કૃષિ વીજળી સબસિડી લગભગ અડધી થઈ ગઈ.

## 4. ગરીબ કલ્યાણ મેળો

**અત્યાર સુધીમાં 36,800 કરોડથી વધુ રૂપિયા.**

**1.66 કરોડ લાભાર્થીઓ. 1600 મેળા**

- 2009માં શરૂ કરાયેલ, આ પહેલે કલ્યાણકારી યોજનાઓને ફાઈલો અને વચેટિયાઓથી બહાર કાઢીને સીધી લાભાર્થીઓ સુધી પહોંચાડવામાં આવી. અત્યાર સુધીમાં 1.66 કરોડ લાભાર્થીઓ સુધી રૂ. 36,800 કરોડથી વધુના લાભો પહોંચ્યા છે અને 1,600 થી વધુ મેળાઓનું આયોજન કરવામાં આવ્યું છે.

## 5. વનબંધુ કલ્યાણ યોજના

**10-મુદ્દાનો વિકાસ મિશન**

2007ની આ 10-મુદ્દાની પહેલે આદિવાસી વિકાસને એક મિશન મોડ પર મૂક્યો. શિક્ષણ, આરોગ્ય, આવાસ, આજીવિકા, કૌશલ્ય, સિંચાઈ, માળખાગત સુવિધાઓ અને વીજળીકરણને એકસાથે લાવીને આદિવાસી સમુદાયોને વિકાસના મુખ્ય પ્રવાહમાં એકીકૃત કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું.



> **"હું નાના અને સરળ લક્ષ્યો લઈને ચાલનારો માણસ નથી. હું દેશ માટે મોટા લક્ષ્યો નક્કી કરું છું અને તેમને પ્રાપ્ત કરવા માટે અથાક મહેનત કરું છું.**
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**





## 6. સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના

**60 લાખ લોકો, 13,000 દરિયાકાંઠાના ગામડાં**

- 2007 માં શરૂ કરાયેલ, આ યોજનામાં 3,000 દરિયાકાંઠાના ગામડાઓ અને 60 લાખથી વધુ લોકો માટે માળખાગત સુવિધાઓ, આજીવિકા, સિંચાઈ, ખારાશ નિયંત્રણ, માછીમારી અને દરિયાકાંઠાના રક્ષણનો સમાવેશ કરવામાં આવ્યો હતો. માછીમારોને જીપીએસ, સલામતી સાધનો, સૌર લાઈટ અને સંકટ ચેતવણીઓ જેવી સેવાઓ પણ મળી.

## 7. જન ધન અને ડીબીટી

**59+ કરોડ ખાતા 3.17 લાખ કરોડ રૂપિયાથી વધુની થાપણો**

- 2014માં, પ્રધાનમંત્રી જન ધન યોજનાએ દરેકને બેંકિંગ સુવિધા પહોંચાડવા માટે એક ઝુંબેશ શરૂ કરી. સપ્ટેમ્બર 2026 સુધીમાં, 59 કરોડથી વધુ ખાતા અને 3.17 લાખ કરોડથી વધુ રકમની થાપણો હતી. ડીબીટી દ્વારા સીધા લાભાર્થીઓને ભંડોળ પહોંચાડવામાં આવ્યું. 53.24 લાખ કરોડ રૂપિયા થી વધુ ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા, અને 5 લાખ કરોડથી વધુની બચતનો અંદાજ હતો.

## 8. મેક ઈન ઈન્ડિયા

**20 લાખ કરોડથી વધુ રૂપિયાનું ઉત્પાદન. આઈપીએલ દ્વારા 14 લાખથી વધુ નોકરીઓ.**

- પીએલઆઈ, સેમિકન્ડક્ટર અને કમ્પોનન્ટ પ્રોગ્રામ્સ સહિત વિવિધ પહેલો ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનને 2014-15 માં 1.9 લાખ કરોડથી વધારીને 2025-26 માં 13.11 લાખ કરોડ રૂપિયા થયા. પીએલઆઈના 14 ક્ષેત્રોમાં 14 લાખથી વધુ નોકરીઓનું સર્જન થયું.



## 9. સ્વચ્છ ભારત મિશન

**12+ કરોડ શૌચાલય**

- 2014માં શરૂ કરાયેલા આ મિશન દ્વારા સ્વચ્છતાને એક જન આંદોલનમાં પરિવર્તિત કરવામાં આવ્યું. 12 કરોડથી વધુ ઘરોમાં શૌચાલય બનાવવામાં આવ્યા અને 2019 સુધીમાં ગામડાને ઓડીએફ જાહેર કરવામાં આવ્યા. સ્વચ્છ સર્વેક્ષણે શહેરો અને નગરોમાં સ્વસ્થ સ્પર્ધા અને નાગરિક ભાગીદારીને પ્રોત્સાહન આપ્યું. 2 ઓક્ટોબર, 2014 ના રોજ પ્રધાનમંત્રી મોદીએ જાતે ઝાડુ ઉપાડીને આગેવાની લીધી.

## 10. સામાજિક સુરક્ષા

**94 કરોડ લોકો. સામાજિક સુરક્ષા કવરેજ: 64.3%**

- પીએમ જીવન જ્યોતિ વીમા યોજના, પીએમ સુરક્ષા વીમા યોજના, અટલ પેન્શન યોજના અને ઈ-શ્રમ જેવી પહેલોએ ઔપચારિક રોજગારની બહારના લોકોને સુરક્ષા આપી છે. 2025 સુધીમાં, 94.3 કરોડ ભારતીયોને સામાજિક સુરક્ષા હેઠળ આવરી લેવામાં આવ્યા, જે 2015 માં 19% થી વધીને 64.3% થઈ.
- નવેમ્બર 2023માં શરૂ કરાયેલ પ્રધાનમંત્રી જનજાતિ ન્યાય મહા અભિયાન (પીએમ-જનમન) એ એક કેન્દ્રિત મિશન છે જે સુનિશ્ચિત કરે છે કે ભારતના 75 ખાસ કરીને સંવેદનશીલ આદિવાસી જૂથો (PVTGs) વિકાસના હાંસિયામાં ન રહે. 24,000+ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

## 11. સાગરમાલા કાર્યક્રમ

**845+ પ્રોજેક્ટ્સ, 16 લાખ કરોડથી વધુનું રોકાણ**

- 2015માં શરૂ કરાયેલ સાગરમાલા, બંદરોને રોડ, રેલ, ઉદ્યોગ અને દરિયાકાંઠાના સમુદાયો સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો. 6.06 લાખ કરોડ રૂપિયાના 845 થી વધુ પ્રોજેક્ટ્સ ઓળખવામાં આવ્યા છે, જેમાંથી 315 પૂર્ણ થયા છે. મુખ્ય બંદરો પર જહાજોનો સરેરાશ ટર્નઅરાઉન્ડ સમય 2014માં 96 કલાકથી ઘટીને 2025માં આશરે 49 કલાક થઈ ગયો. ભારતના મુખ્ય બંદરોની ક્ષમતા 2014માં 873 એમટીપીએથી બમણી થઈને 2026માં 1,728 એમટીપીએ થઈ ગઈ છે.





## 12. પ્રધાનમંત્રી મુદ્રા યોજના

**57+ કરોડ લોન. 40 લાખ કરોડથી વધુ રૂપિયાનું વિતરણ**

- 2015 માં શરૂ કરાયેલ, પીએમ મુદ્રા યોજના નાના ઉદ્યોગ સાહસિકોને ગેરંટી-મુક્ત લોન પૂરી પાડે છે. 57 કરોડથી વધુ લોન 40 લાખ કરોડ રૂપિયાથી વધુ રકમનું વિતરણ કરવામાં આવ્યું. 68% લોન મહિલાઓને અને 51% લોન એસસી/એસટી/ઓબીસી લોન લેનારાઓને આપવામાં આવી હતી. 2024 માં લોન મર્યાદા વધારીને 20 લાખ રૂપિયા કરવામાં આવી.

## 13. સ્ટાર્ટઅપ ઈન્ડિયા

**2.5 લાખ+ સ્ટાર્ટઅપ 23.36 લાખ+ નોકરીઓ**

- 2016માં શરૂ કરાયેલી આ પહેલે ઉદ્યોગસાહસિકતાને રાષ્ટ્રીય આકાંક્ષા બનાવી. સપ્ટેમ્બર 2026 સુધીમાં, 2.5 લાખથી વધુ માન્ય સ્ટાર્ટઅપ્સે 23 લાખથી વધુ સીધી નોકરીઓનું સર્જન કર્યું. લગભગ અડધા સ્ટાર્ટઅપ્સ ટાયર-2 અને ટાયર-3 શહેરોમાંથી આવે છે, અને લગભગ 50% સ્ટાર્ટઅપ્સમાં ઓછામાં ઓછી એક મહિલા ડિરેક્ટર અથવા ભાગીદાર છે.

## 14. પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના: ધુમાડાથી મુક્તિ

**લગભગ 11 કરોડ+ કનેક્શન**

- 2016 માં શરૂ કરાયેલ, ઉજ્જવલાએ મે 2026 સુધીમાં 10.6 કરોડથી વધુ મફત રસોઈ ગેસ જોડાણો પૂરા પાડ્યા. આનાથી ધુમાડાવાળા ઈંધણ પરની નિર્ભરતા ઓછી થઈ અને મહિલાઓના સ્વાસ્થ્ય, સમય અને તકો પર સકારાત્મક અસર પડી.

## 15. ડિજિટલ પેમેન્ટ્સ ક્રાંતિ - યૂપીઆઈ

**24,162 કરોડ વ્યવહારો. 55 કરોડથી વધુ વપરાશકર્તા**

- 2016 માં શરૂ કરાયેલ, યૂપીઆઈ એ ડિજિટલ ચુકવણીઓને દૈનિક સુવિધા બનાવી. વાર્ષિક વ્યવહારો 2016 માં 1.78 કરોડથી વધીને નાણાકીય વર્ષ 2025-26 માં 24,162 કરોડ થયા. જૂન 2026 સુધીમાં 55.5 કરોડ વપરાશકર્તાઓ અને જુલાઈ 2026 સુધીમાં 741 બેંકો આની સાથે જોડાયેલી હતી. વ્યવહાર મૂલ્ય 0.07 લાખ કરોડથી વધીને 314 લાખ કરોડ રૂપિયા થયું. યૂપીઆઈ હવે 11 દેશોમાં કાર્યરત છે.

## 16. વસ્તુ અને સેવા કર - જીએસટી

**એક રાષ્ટ્ર - એક કર નાણાકીય વર્ષ 2025 માં**

**22 લાખ કરોડ+ રૂપિયા કુલ જીએસટી**

- 2017 માં લાગુ જીએસટીએ અનેક કેન્દ્રીય અને રાજ્ય કરને એક સામાન્ય માળખામાં લાવીને "એક રાષ્ટ્ર, એક કર, એક બજાર" ના વિઝનને મજબૂત બનાવ્યું. કરદાતાઓની સંખ્યા 2017 માં 66.5 લાખથી વધીને મે 2026 માં 1.65 કરોડ થઈ, અને નાણાકીય વર્ષ 2025-26માં કુલ જીએસટી સંગ્રહ 22.27 લાખ કરોડ રૂપિયા રહ્યો.

## 17. આયુષ્માન ભારત અને આરોગ્ય સુરક્ષા

**5 લાખ રૂપિયાનું કવર , 12 કરોડ + પરિવાર કવર**

- જૂન 2026 સુધીમાં, 37,413 સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં 12.69 કરોડ દર્દીઓની સારવાર કરવામાં આવી, જેનાથી સામાન્ય જનતાના 1.92 લાખ કરોડ રૂપિયાની બચત થઈ. 70 વર્ષથી વધુ ઉંમરના વરિષ્ઠ નાગરિકો સુધી પણ તેનું વિસ્તરણ થયું.

## 18. જળ જીવન મિશન

**12 કરોડ+ નળ જોડાણો. કવરેજ 82% થી વધુ**

- 2019 માં શરૂ મિશને ગ્રામીણ ઘરોમાં નળનું પાણી પૂરું પાડવાનું લક્ષ્ય રાખ્યું. 3.23 કરોડ ગ્રામીણ પરિવારોથી વધીને જૂન 2026 સુધીમાં લગભગ 16 કરોડ પરિવારોને નળ કનેક્શન મળ્યા. 5 લાખથી વધુ પાણી સમિતિઓ અને 24.8 લાખ મહિલાઓને પાણીની ગુણવત્તા પરીક્ષણની તાલીમ આપવામાં આવી.

## 19. પીએમ-કિસાન

**4 લાખ કરોડ+ રૂપિયા 9.44 કરોડ ખેડૂતો**

- 2019 થી ખેડૂતોને વાર્ષિક 6,000 રૂપિયા ત્રણ હપ્તામાં સીધા બેંક ખાતામાં મળી રહ્યા છે. જુલાઈ 2026 સુધીમાં, 4 લાખ કરોડ રૂપિયાથી વધુ ચુકવી દેવામાં આવ્યા છે.







## 20. લખપતિ દીદી અને નમો ડ્રોન દીદી

**3 કરોડ+ લખપતિ દીદી.**

**સ્વ-સહાય જૂથોમાં 10.57 કરોડ મહિલાઓ**

- લખપતિ દીદીએ ગ્રામીણ મહિલાઓને સહાયથી ટકાઉ આવક અને ઉદ્યોગસાહસિકતા તરફ દોરી છે. મે 2026 સુધીમાં, 3.07 કરોડ મહિલાઓ લખપતિ દીદી બની ગઈ હતી, અને 10.57 કરોડથી વધુ મહિલાઓ સ્વ-સહાય જૂથોમાં સંગઠિત હતી. નમો ડ્રોન દીદી હેઠળ 15,000 ડ્રોનનું લક્ષ્ય છે.

## 21. ભારતની સૌર ક્રાંતિ

**164 GW+ સૌર ઊર્જા.**

**14.8 GW રૂફટોપ સોલાર પ્લાન્ટ્સ**

- ગુજરાતની સૌર પહેલમાંથી મળેલા અનુભવે રાષ્ટ્રીય વિસ્તરણ માટે પાયો નાખ્યો. ભારતની સ્થાપિત સૌર ઊર્જા ક્ષમતા 2014 માં 2.8 GW થી વધીને જુલાઈ 2026 સુધીમાં 165 GW થઈ ગઈ. PM સૂર્ય ઘર યોજના હેઠળ, ઓગસ્ટ 2026 સુધીમાં 5.1 મિલિયન ઘરોને આવરી લેવામાં આવ્યા હતા, અને 14.8 GW છતની સૌર ઊર્જા ક્ષમતા સ્થાપિત કરવામાં આવી હતી.

## 22. પીએમ સ્વનિધિ

**રૂ. 78 લાખ+ સ્ટ્રીટ વેન્ડર રૂ. 18,000+ કરોડ રૂ.ની લોન**

- 2020 માં શરૂ કરાયેલ, આ યોજનાએ શેરી વિક્રેતાઓને ગેરંટી-મુક્ત કાર્યકારી મૂડી લોન માટે ઔપચારિક નાણાકીય પ્રણાલીઓ સાથે જોડ્યા. ઓગસ્ટ 2026 સુધીમાં 78 લાખથી વધુ વિક્રેતાઓને 1.18 કરોડથી વધુ લોન મળી.

## 23. પીએમ ગતિ શક્તિ

**16 મંત્રાલય માળખાગત સુવિધાઓ માટે એકીકૃત નકશો**

- 2021 માં શરૂ કરાયેલ રાષ્ટ્રીય માસ્ટર પ્લાનમાં 16 મંત્રાલયો અને વિભાગોના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેટાને એકીકૃત કરવામાં આવ્યો. રોડ, રેલ, બંદર, એરપોર્ટ અને લોજિસ્ટિક્સ નેટવર્કના એકીકૃત દ્રષ્ટિકોણથી પ્રોજેક્ટ સંકલન વધુ સારું બન્યું અને લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો થયો. આ પ્લેટફોર્મ હવે 100 લાખ કરોડ રૂપિયાથી વધુના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નકશા તૈયાર કરે છે.

## 24. માલિકી અને પ્રાકૃતિક ખેતી

**3.30 લાખ ગામડા સર્વેક્ષિત, 3.24 કરોડ પ્રોપર્ટી કાર્ડ**

- સ્વામિત્વ યોજનાએ ડ્રોન અને GISથી ગ્રામીણ મિલકતોનું સચોટ મેપિંગ કરીને મિલકત અધિકારોને મજબૂત બનાવ્યા. ઓગસ્ટ 2026 સુધીમાં, 3.30 લાખ ગામડાનું સર્વેક્ષણ અને 3.24 કરોડ પ્રોપર્ટી કાર્ડ તૈયાર થયા. પ્રાકૃતિક ખેતી હેઠળ 20 લાખથી વધુ ખેડૂતો અને 10 લાખ હેક્ટરથી વધુ વિસ્તારને સાંકળવામાં આવ્યો.

## 25. રમતું રાષ્ટ્ર, જીતતું રાષ્ટ્ર

**1,000+ ખેલો ઈન્ડિયા કેન્દ્રો 12,700+ એથ્લેટ્સ**

- 1,000 થી વધુ ખેલો ઈન્ડિયા કેન્દ્ર છે. 2,700+ એથલીટોને મદદ મળી રહી છે. ટોક્યો 2020 માં સાત ઓલિમ્પિક મેડલ, એશિયન ગેમ્સમાં 107 મેડલ અને 2022 માં ઐતિહાસિક થોમસ કપ જીત આ વધતા રમતગમતના આત્મવિશ્વાસનું પ્રતિબિંબ છે. છેલ્લા 13 વર્ષોમાં, ભારતે ત્રણેય મુખ્ય રમતગમત ક્ષેત્રોમાં તેનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છેઃ ટોક્યો 2020 ઓલિમ્પિકમાં 7 મેડલ, હાંગ્ઝોઉ 2023 એશિયન ગેમ્સમાં 107 મેડલ અને ગોલ્ડ કોસ્ટ 2018 કોમનવેલ્થ ગેમ્સમાં 66 મેડલ.







# 25 અભૂતપૂર્વ પહેલ જે બની જન આંદોલન

*સરકારના વડા તરીકે પીએમ મોદીની 25 વર્ષની સફરએ ભારતમાં એક નવું પરિમાણ સ્થાપિત કર્યું છે, જ્યાં દરેક નાગરિક સરકાર સાથે સીધો જોડાણ અનુભવે છે. આ સફરમાં અનેક પહેલ જોવા મળી છે જેણે શાસન, વિકાસ, જનભાગીદારી અને વૈશ્વિક સ્તરે ભારતની ભૂમિકા માટે નવા ધોરણો સ્થાપિત કર્યા છે. આ સફર વિચારોને યોજનાઓ સાથે અને યોજનાઓને જનભાગીદારી સાથે જોડવાનો પ્રયાસ દર્શાવે છે. આ પહેલોએ ભારતની વિકાસ યાત્રાને એક અલગ ઓળખ આપી છે, સ્થાનિક અને વૈશ્વિક સ્તરે નવા ધોરણો સ્થાપિત કર્યા છે.*

## 1. વાઇબ્રન્ટ ગુજરાત

2003માં રોકાણ કરવા માટે ગાંધીનગરમાં વિશ્વને આમંત્રણ આપવાની પહેલથી રાજ્યો વચ્ચે સ્પર્ધાત્મકતાનો નવો અભિગમ રજૂ થયો. સિંગલ-વિન્ડો મંજૂરી અને નીતિ પ્રતિબદ્ધતાઓ દ્વારા રોકાણ આકર્ષવાનું આ મોડેલ પાછળથી અન્ય રાજ્યો સુધી પહોંચ્યું.

## 2. રણ ઉત્સવ

2005 માં શરૂ થયેલ કચ્છનો "રણ ઉત્સવ", સ્થાનિક સંગીત, કલા, હસ્તકલા અને ભોજનને પર્યટનમાં એકીકૃત કરવા માટેનું એક માધ્યમ બન્યું. દૂરસ્થ ખારા રણ ગ્રામીણ સાંસ્કૃતિક પર્યટન માટે એક મોડેલ બન્યું, જેનાથી કારીગરોને એક નવું બજાર મળ્યું જે વૈશ્વિક મોડેલ બની ગયું.

## 3. કૃષિ ઉત્સવ

વૈજ્ઞાનિકો, અધિકારીઓ અને ખેડૂતોને સીધા જોડીને, કૃષિ સલાહથી ખેતરની જરૂરિયાતોને અનુરૂપ બનાવવામાં આવી. માટી આરોગ્ય કાર્ડ અને સતત સંવાદે કૃષિને મોસમી ઝુંબેશના બદલે સતત જ્ઞાન ચળવળનું સ્વરૂપ આપ્યું.

## 4. વાંચે ગુજરાત

'આખુ રાજ્ય એક કલાક વાંચે' ના આહ્વાનથી વ્યક્તિગત ટેવને સામાન્ય જાહેર સંસ્કૃતિમાં બદલી. વિદ્યાર્થીઓ અને નાગરિકોની જનભાગીદારીથી પુસ્તકાલયોને પણ સુધારવામાં આવ્યા.

## 5. જન ભાગીદારી

નાગરિકોને યોજનાઓના નિષ્ક્રિય લાભાર્થીઓને બદલે શાસનમાં ભાગીદાર બનાવવાના વિચારથી નીતિ ઘડતર, અમલીકરણ અને દેખરેખમાં તેમના મંતવ્યોને સ્થાન આપ્યું. આનાથી વિકાસમાં સક્રિય ભાગીદારીની ભાવના મજબૂત થઈ.

## 6. મન કી બાત

માસિક રેડિયો સંવાદે પ્રધાનમંત્રી અને નાગરિકો વચ્ચે વાતચીતનું એક અનોખું માધ્યમ બનાવ્યું. નીતિઓ, સારા કાર્યો અને સામાજિક ઝુંબેશની સરળ ચર્ચાએ સત્તાવાર સંવાદને વધુ મજબૂત બનાવ્યો.

## 7. ગુલામીની માનસિકતામાંથી મુક્તિ

શેરીઓ, શહેરો, ઇમારતો અને સંસ્થાઓમાંથી વસાહતી નામો અને પ્રતીકો દૂર કરીને સ્વદેશી ઓળખને સ્થાન આપવાનો પ્રયાસ જાહેર સ્મૃતિ અને સાંસ્કૃતિક આત્મવિશ્વાસ પુનઃપ્રાપ્ત કરવાનું સાધન બન્યું. હવે 2035 સુધીમાં વસાહતી માનસિકતામાંથી સંપૂર્ણ મુક્તિ પ્રાપ્ત કરવાનું લક્ષ્ય નિશ્ચિત.







## 8. જાતે છોડો અભિયાન (ગીવ ઈટ અપ)

એલપીજી સબસિડી છોડવાના સ્વૈચ્છિક આહ્વાનથી જવાબદારીની ભાવના દર્શાવવામાં આવી. 1.13 કરોડથી વધુ પરિવારોએ સબસિડી છોડવાથી થયેલી બચતનો ઉપયોગ ઉજ્જવલા યોજના જોડાણો પૂરા પાડવા માટે કરવામાં આવ્યો.

## 9. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ

યોગને વૈશ્વિક સ્તરે લાવવાના પ્રયાસોને કારણે 21 જૂનને 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' તરીકે માન્યતા મળી. આનાથી આ ભારતીય પરંપરા વૈશ્વિક જાહેર આરોગ્ય પહેલ બની, જે 190 થી વધુ દેશોમાં ઉજવવામાં આવે છે. આ વર્ષે, ભારતની બહાર 1,300 થી વધુ સ્થળોએ કાર્યક્રમો યોજાયા હતા, જેમાંથી ઘણાએ ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યા.

## 10. બેટી બચાવો, દીકરી પઢાઓ

અગાઉ, દર 1,000 છોકરાઓએ 918 છોકરીઓ હતી. 2015 માં શરૂ કરાયેલ "બેટી બચાવો બેટી પઢાઓ" યોજનાએ છોકરીઓના જીવન, શિક્ષણ અને અધિકારોને આરોગ્ય, શિક્ષણ અને અમલીકરણના સંયુક્ત મિશનમાં એકીકૃત કર્યા. છોકરીઓનું અસ્તિત્વ અને શિક્ષણ એક રાષ્ટ્રીય મિશન બન્યું.

## 11. જનતાના પદ્મ પુરસ્કાર

પદ્મ પુરસ્કારોની પ્રક્રિયાનો વિસ્તાર વધારીને ગ્રામીણ, દૂરસ્થ અને પાયાના સ્તરના યોગદાનકર્તાઓને રાષ્ટ્રીય સન્માનના કેન્દ્રમાં લાવવામાં આવ્યા. રાષ્ટ્રીય ઓળખ ઉચ્ચ વર્ગથી જાહેર શ્રેષ્ઠતા તરફ વળી. ગુમનામ થયેલા નાયકોને ઓળખવા અને તેમનું સન્માન કરવાની નવી પરંપરાનો ઉદય થયો.

## 12. એક ભારત, શ્રેષ્ઠ ભારત

રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો વચ્ચે ભાષા, શિક્ષણ, સંસ્કૃતિ, ખોરાક અને તહેવારોના આદાનપ્રદાનથી એકતાને બંધારણીય સિદ્ધાંતમાંથી જીવંત અનુભવમાં પરિવર્તિત કરવાનો પ્રયાસ થયો.

## 13. યુપીઆઈ: ક્રાંતિકારી અને લોકશાહી પહેલ

ડિજિટલ પેમેન્ટ્સને ઉત્પાદનને બદલે જાહેર માળખા તરીકે વિકસાવવાના વિચારથી ચુકવણીઓ તાત્કાલિક, મફત અને વ્યાપક બની. યૂપીઆઈ એ ભારતના ડિજિટલ પેમેન્ટના પરિદૃશ્યને બદલી નાખ્યું.

## 14. ખેલ મહાકુંભમાંથી ખેલો ઈન્ડિયા

ગામડા અને શાળા સ્તરે સ્પર્ધાઓનો વિસ્તાર કરીને, પ્રતિભા ઓળખને મોટા શહેરો અને પસંદગીની એકેડેમીઓની મર્યાદાની બહાર લાવવામાં આવી. રમતગમતને યુવા વિકાસ માટે એક વ્યાપક માધ્યમ બનાવવામાં આવ્યું.

## 15. એક જિલ્લો, એક ઉત્પાદન (ઓડીઓપી)

દરેક જિલ્લાના અનોખા ઉત્પાદનોને બ્રાન્ડિંગ, જીઆઈ ટેગ, ઈ-કોમર્સ અને નિકાસ સહાય સાથે જોડીને, સ્થાનિક અર્થતંત્રને નવી ઓળખ આપવામાં આવી. કારીગરો અને ખેડૂતો માટે બજારોનો વિસ્તાર થયો.

